

SWARGA ROHAN
DANTA ROAD
DIST. BANA
PH. (02

# અધ્યાત્મ

વર્ષ : ૧ અંક : ૮ મે-૧૯૮૦

# ભંડોળ સહાયક યોજના

'અધ્યાત્મ' માસિકને શરૂ કર્યે આઠ માસ પૂરા થાય છે. આ ગાળા દરમ્યાન આ માસિકને આર્થિક મુશ્કેલીઓનો સામનો ઠીક ઠીક કરતાં રહેવું પડ્યું છે, તેથી હવે પછી આવો સામનો ન કરવો પડે તેમ જ ગ્રાહકોને પોસાય તેવા દરે તે આપી શકાય, એની વિચારણા પણ ચાલતી હતી.

આ સંબંધે માસિકના પ્રણેતા ને સંસ્થાપક પરમ પૂ. શ્રી યોગેશ્વરજી સાથે વડોદરા ખાતે વાતચીત થઈ. તે ઉપરાંત, બીજા શુભેચ્છકો ને સલાહકારોના અભિપ્રાયો પણ જાણ્યા તે પછી, નીચે પ્રમાણેની યોજના અમલમાં મૂકવા વિચારવામાં આવ્યું છે.

અધ્યાત્મ માસિક માટે, પેટ્રન, સહાયક પેટ્રન અને લાઈફ મેમ્બર ( આજીવન સભ્ય )ની નોંધણી કરવી.

પેટ્રનની સભ્ય ફી રૂા. ૧૦૦૧, સહાયક પૅટ્રનની રૂા. ૫૦૧ અને લાઈફ મેમ્બરની રૂા. ૨૫૧, રાખવા ઠરાવ્યું છે.

આ રીતે પ્રાપ્ત થયેલ ભંડોળ અનામત તરીકે રાખવામાં આવશે અને તેનાં વ્યાજની રકમ માત્રનો ઉપયોગ અધ્યાત્મ માસિક તેમ જ પરમ પૂ.શ્રી યોગેશ્વરજીના કેટલાક અપ્રકટ સાહિત્યના પ્રકાશન અર્થે કરવામાં આવશે. આ માસિક અને પ્રકટ કરાતા સાહિત્યની નકલો વિના મૂલ્યે ઉપરોક્ત ત્રણે પ્રકારના સહાયકોને આપવામાં આવશે.

આથી અધ્યાત્મમાં રસ ધરાવતા સર્વેને આ યોજનાના અમલમાં શક્ય તેટલી સહાય આપી સફળ કરવા હાર્દિક વિનંતી છે.

—સંપાદકો



શ્રી યોગેશ્વરજી

## પાસે છતાં દૂર

તમારૂં પરમધામ છેક જ પાસે
પ્રાણની પણ પાસે છે તોપણ ત્યાં પ્રવેશવાનો
પહોંચવાનો પંથ કેટલો કપરો છે?

તમારૂં મંગળમંદિર દ્વાર તદ્દન પાસે છે.
તમારી સુરતા સભર સ્નેહસિતારી સ્થળે સ્થળે
ક્ષણે ક્ષણે વાગી રહી છે;

એના સુસ્વર સર્વત્ર છૂટી રહ્યા છે;
તો પણ એને શ્રવણનો વિષય બનાવતાં
એના આધારે તમારી પાસે પહોંચતાં,
કેટલો બધો વિલંબ લાગે છે!

કેટલીકવાર તો જન્મોજન્મની અખંડ અલૌકિક
આરાધના માગે છે.

છતાં પણ જે દૂર છે તે તમારી કૃપાથી
પાસે થાય છે.

> કઠિન સરળ બની જાય છે.
> કૃપાનું એકાદ રશ્મિ રેલાતાં
> આવરણનો અંત આવે છે.
> તમારું દર્શન સહજ થાય છે.

શ્રી યોગેશ્વરજી

# અધ્યાત્મ

વર્ષ : ૧, અંક : ૮, છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૨–૦૦, વિદેશમાં રૂા. ૧૦૦–૦૦ (વિમાનથી)
આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

**સંસ્થાપક :**
પ. પૂ. યોગેશ્વરજી
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ–૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઈ)
શ્રી બાબુભાઈ વ્હોરા (અમદાવાદ)
શ્રી જે. વી. શાહ (મુંબઈ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ
સ્ટેશન રોડ, ભાવનગર–૩૬૪૦૦૧

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| અપીલ | ૩ | — |
| धर्मस्य तस्वं निहितं गुहायाम् | ૪ | શ્રી યોગેશ્વરજી |
| શરણાગતિની શક્તિ | ૬ | શ્રી જે. વી. શાહ |
| શ્રદ્ધાનું બળ ને અહમનું નિરસન | ૭ | શ્રી નારાયણ હ. જાની |
| શ્રેયયાત્રા-(૮) | ૧૪ | શ્રી ભાઈલાલભાઈ છાટબાર |
| कार्यं कर्म समाचर । | ૧૯ | પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઈ |
| તમારા સાનિધ્યે | ૨૩ | શ્રી ઈશ્વરભાઈ પટેલ |
| મત્સ્યેન્દ્રાસન | ૨૪ | શ્રી મણિભાઈ શાહ |
| પૂજ્ય માતાજી : એક પરિચય | ૨૭ | શ્રી સર્વેશ્વરી |
| કૃપા વરસી ગઈ | ૩૪ | શ્રી મણિભાઈ શાહ |
| મનની જાગૃતિ | ૩૫ | પંડિત દેવેન્દ્રવિજયજી |
| હરિ ના રાખે કોઈનું | ૩૫ | શ્રી મુકુન્દરાય પારાશર્ય |
| વિરહ | ૩૬ | શ્રી યોગેશ્વરજી |
| સિદ્ધદર્શનનો સ્વાનુભવ | ૩૭ | શ્રી યોગેશ્વરજી |
| પ્રશ્નોત્તરી | ૪૨ | શ્રી યોગેશ્વરજી |
| ભાગવત્ મહિમા | ૪૫ | શ્રી લાભુભાઈ ભટ્ટ |
| શ્રી સાઈ કૃપા [સત્ય ઘટના] | ૪૬ | શ્રી નારાયણ હ. જાની |
| પ્રકાશના પંથે | ૫૦ | શ્રી યોગેશ્વરજી |
| રાજાપુરની યાત્રા | ૫૬ | શ્રી નાનુરામ દૂધરેજીયા |
| જન્માંતર કર્મોનું ફળ | ૫૯ | શ્રી નર્મદાશંકર એન. મહેતા |


# અપીલ

'અધ્યાત્મ' માસિકે પ્રકાશનના આઠ માસ પૂરા કર્યા છે. એના પ્રકાશનનો જ્યારે વર્ષ પહેલાં વિચાર કર્યો, ત્યાર પછી કાગળ, તેમ જ અન્ય પ્રકાશનની સામગ્રીના ભાવોમાં ઠીક ઠીક વધારો થયો છે. પરિણામે અધ્યાત્મને આર્થિક રીતે સ્વાવલંબી કરવામાં રૂકાવટ આવી છે. અત્યારના અંદાજ પ્રમાણે, વર્ષ આખરે રૂ. પાંચેક હજારની ખોટ આવવા સંભવ છે.

આ ખોટ ત્રણ રીતે પૂરી કરી શકાય :

૧. અધ્યાત્મને આપના પરિચિતોમાંથી જાહેરખબર અપાવીને. અંદરના એક આખા પાનાના રૂ. ૧૫૦, અડધાના રૂ. ૮૦, મુખપૃષ્ઠ પાછળ તેમજ પાછલું કવર અને તેની પાછળના રૂ.૧૮૦, અડધાના રૂ.૯૦

૨. અધ્યાત્મનો ફેલાવો—અન્ય મિત્રો કે પરિચિતોમાં કરી ગ્રાહક નોંધાવીને; અને

૩. આપને ત્યાં સારા પ્રસંગો—જેવા કે જન્મદિવસ, લગ્નદિવસ કે સારા શુભ માંગલિક પ્રસંગોએ આપની શક્તિ પ્રમાણે 'અધ્યાત્મ'ને સહાય મોકલીને.

અત્યારે અધ્યાત્મના વાર્ષિક ૨૦૦૦ ગ્રાહકો છે. ને તેની ૨૨૫૦ નકલો છપાય છે. વાર્ષિક લવાજમ રૂ. ૧૨ છે ને છૂટક નકલના એપ્રિલ ૧૯૮૦થી રૂ. ૧-૫૦. નવા નોંધાતા ગ્રાહકોને જૂના અંકોની નકલો ઉપલબ્ધ હોય, ત્યાં સુધી તે આપવામાં આવશે. ડિસે. ૭૯થી નકલો હાલ સિલકમાં છે.

આપને જો અધ્યાત્મ ખરેખર ગમતું હોય અને આપને તે માસિક સમૃદ્ધ બને તેમાં રસ હોય તો આપ આપની શક્તિ પ્રમાણે ઉપરના ત્રણે કે ગમે તે એક પ્રકારે સહાય કરી શકો છો.

પરમ પૂ. શ્રી યોગેશ્વરજીની પ્રેરણાથી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપાશ્રયે આ માસિક શરૂ કરવામાં આવ્યું છે. અમે માનીએ છીએ કે આ કામ શ્રી ભગવાનનું છે, તેને એમ સમજી અનેક મિત્રો વિના વેતન મદદ કરે છે, એટલે એની ઇચ્છા પ્રમાણે તે ચાલશે જ, ફક્ત ભગવાન કેટલાકોને એના નિમિત્ત બનાવશે - એટલું જ.

**સંપાદકો**

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો

વર્ષ : ૧ | મે-૧૯૮૦ | અંક : ૮

## धर्मस्य तत्त्वं निहितं गुहायाम्

શ્રી યોગેશ્વરજી

ધર્મના સારતત્ત્વ પરમાત્મા છે. સઘળા સુસંસ્કૃત શ્રેષ્ઠ ધર્મો ધર્મના સારતત્ત્વરૂપે પરમાત્માનું સમર્થન અને પ્રતિપાદન કરે છે. ધર્મો પરમાત્માને પામવાની સાધના પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે. ધર્મોના મૂળભૂત મુખ્ય સાર સ્વરૂપ પરમાત્મા છે. ધર્મનું અનુષ્ઠાન જીવનને નિર્મળ કરવા, જ્યોતિર્મય બનાવવા અને સ્વરૂપના સાક્ષાત્કાર દ્વારા પરમાત્માને ઓળખવા માટે જ કરવામાં આવે છે અને કરાવું જોઈએ. ધર્મ જો માનવને પોતાના એ મૂળભૂત ધ્યેયથી દૂર લઈ જાય અથવા વિપથગામી બનાવે અને બીજી આવડતોમાં અટવાવે તો એ ધર્મ માનવની સાચી સેવા ના કરી શકે અને સાચા ધર્મના નામકરણને યોગ્ય પણ ના ઠરે. એણે માનવના અંતરાત્માને ઉદાત્ત કરી, આલોકિત બનાવી, પરમાત્માભિમુખ કે પરમાત્મ પરાયણ બનવાની ક્ષમતા ધરી પરમાત્માના સાક્ષાત્કારથી સાર્થક કરવો જ જોઈએ.

ધર્મના સારરૂપે અથવા પરમતત્ત્વરૂપ એ પરમાત્મા ક્યાં વિરાજે છે ? મહાભારતમાં યક્ષના પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે યુધિષ્ઠિરે જણાવ્યું છે કે એ હૃદયરૂપી ગુફામાં વિરાજમાન છે. એનો અર્થ એ થયો કે એમના અવલોકનની આકાંક્ષાવાળા માનવે એમના અવલોકન કાર્યમાં સફળતા મેળવવા માટે પોતાના હૃદયમાં દૃષ્ટિપાત કરવો જોઈએ. અથવા પોતાની અંદર, પોતાના દિલની દુનિયામાં ખોજ કરવી જોઈએ.



માનવ મોટે ભાગે બહિર્મુખ બનીને દેવસ્થાનોમાં, તીર્થોમાં શાસ્ત્રોમાં, કર્મકાંડમાં અને સાધનાત્મક ક્રિયા કલાપોમાં એમની શોધ કરે છે. એથી સાત્વિકતા વધે છે, પરમાત્મપરાયણતા તથા પવિત્રતા પણ કેળવાય છે અને જીવનના આધ્યાત્મિક ઉચ્ચતમ આદર્શ પ્રત્યે જાગ્રત થવાય છે એ સાચું, પરંતુ માનવે એમનાથી ઉપર ઊઠીને, અંતર્મુખવૃતિને ધારીને, અંતરંગ સાધનાત્મક અભ્યાસક્રમનો આધાર લઈને મનને સ્થિર અને શાંત કરી, પોતાની અંદર રહેલી પરમાત્માની પરમજ્યોતિને પેખવાનો પ્રયત્ન કરવો જોઈએ. ત્યારે જ પરમાત્માના સાક્ષાત્કારની કે પરમતત્ત્વના દર્શનની સાધના સફળ થઇ શકે.

ગુરુ નાનકદેવે એ સંદર્ભમાં જ કહ્યું છે કે "વનમાં એમને શોધવા શા માટે જાય છે ? એ તો અંતરની અંદર બેઠેલા છે, અલિપ્ત છે, તારામાં સમાયેલા છે."

"કાહે રે બન ખોજન જાઈ
અંતરદર્શી સદા અલેપા તો હી સંગ સમાઈ"

પુષ્પમાં પરિમલ, દર્પણમાં દશ્ય, સરિતામાં સલિલ ને મધમાં મધુતાની પેઠે એ તારા અંતરાત્મા બનીને વિરાજમાન છે.

સમસ્ત બ્રહ્માંડ પણ એક વિશાળ અનંત ગુફા જ છે. એની અંદર, એના અણુએ અણુમાં એ પરમાત્માનો પરમ પવિત્ર પ્રકાશ પથરાયેલો છે. એ પાવન પ્રકાશને પેખવાની ટેવ પાડીએ તો સમસ્ત સંસાર પરમાત્માના પરમધામ જેવો લાગે.

ઈશાવાસ્ય ઉપનિષદે જણાવ્યું છે કે 'ઈશાવાસ્યમિદં સર્વમ્' સઘળું પરમાત્માથી છવાયેલું છે. એવો અસાધારણ અનુભવ પણ સહજ થઈ જાય.

"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,
જૂજવે રૂપે અનંત ભાસે"

એ સ્વાનુભવ સંપન્ન ભક્તકવિ નરસિંહ મહેતાની સ્વાનુભૂતિ સાથે આપણો અંતરાત્મા પણ સુસંવાદી સૂર પૂરાવે છે.

# શરણાગતિની શક્તિ

સંગ્રાહક : **શ્રી જે. વી. શાહ**

શરણાગતિની શક્તિ અજબ-ગજબની હોય છે. એનાથી શરણાગતને એવડો લાભ થાય છે. એને જાતનીય ચિન્તા નહિ કે જગતનીય ચિન્તા નહિ! છતાં તે ભૂખ્યો કે તરસ્યો રહેતો નથી.

આ ઝાડ જ જુઓને! એનાં પાંદડાં ઝાડને શરણે છે. એઓ પોતાની કે ઝાડનીય ચિન્તા કરતાં નથી; છતાં ઝાડને મળતો જીવનોપયોગી રસકસ એમને આપોઆપ મળી રહે જ છે, પછી છોને થડ નીચે રહ્યું ને પાંદડાં છેક ઉપર. આ બન્નેને સાંધનારો દોર છે શરણાગતિનો ભાવ.

એવું જ છે નદી કિનારે ઉગતા નાના ઘાસ અને નદીનું. નદીના પ્રવાહની શરણાગતિ સ્વીકારી, નાનું ઘાસ સલામત બની જાય છે, જ્યારે કાંઠે ઊભેલું અક્કડ તોતિંગ વૃક્ષ કે તાડ—પ્રવાહના વેગમાં તણાઈ નષ્ટભ્રષ્ટ થઈ જાય છે.

નદીના પૂરમાં, કદ ને કૌવતમાં નાની એવી માછલી, સહીસલામત રીતે વિચરણ કરી શકે છે, જ્યારે કાયા અને કૌવતમાં વિરાટ એવો હાથી, પૂરના પ્રવાહમાં તણાઈ પોતાનું અસ્તિત્વ ખોઈ નાખે છે. આમાં પણ નાની માછલીનો શરણાગત ભાવ જ તેને સહીસલામત બનાવનારો નીવડે છે, નહિ કે બીજું કાંઈ.

એ જ પ્રમાણે ભગવાનનું શરણ લેવાથી ભક્ત પણ સલામત બની જાય છે, જ્યારે અહંમાં રાચતા મહારથીઓ ધૂળ ચાટતા થઈ જાય છે.

મૃત્યુંજય બનવા માટેનાં બધાં જ વરદાનો મેળવીને અહંકારી બનેલો હિરણ્યકશિપુ—શ્રી નૃસિંહ ભગવાનના હાથે મરાય છે, જ્યારે ભગવાનને શરણે ગયેલો પ્રહ્લાદ—મૃત્યુનાં મુખોમાંથી પણ અજબ રીતે ઉગરી જાય છે. એ પ્રતાપ છે શરણાગત ભાવનો.

તમે પણ પ્રભુનું શરણ લઈ, સુરક્ષિત અને સલામત બની શકો છો. ફક્ત જરૂર છે સાચા ભાવથી શરણ લેવાની.



# શ્રદ્ધાનું બળ ને અહમનું નિરસન

—શ્રી નારાયણ જાની

સ્વામી નારાયણ સંપ્રદાયના સંસ્થાપક શ્રીજી મહારાજે પોતાના જીવનકાળ દરમ્યાન અને તે પછી પણ એમનામાં શ્રદ્ધા રાખનારાનાં અદ્‌ભૂત ને અનોખાં કામ કર્યાં છે. એવા જ એક નાના સરખા અનોખા પ્રસંગની આ વાત છે.

પંચાળાના દરબાર ઝીણાભાઈ શ્રી સહજાનંદ સ્વામીના અનન્ય ભક્ત એકવાર હોળીના પ્રસંગે તેઓએ શ્રી ઝીણાભાઈના આગ્રહથી પંચાળામાં સમૈયો કર્યો સમૈયામાં ભાગ લેવા આસપાસનાં ગામોમાંથી સેંકડો માણસો આવે તે માટે શ્રી ઝીણાભાઈએ ગામ પાદરની ખુલ્લી જગામાં મંચ બંધાવ્યો. જેથી સમૈયામાં આવનાર માણસોને મહારાજનાં સહેલાઈથી દર્શન થઈ શકે.

આ સમૈયામાં સેંકડો માણસોએ ભાગ લીધો ને શ્રી સહજાનંદ સ્વામીએ હોળીના ઉત્સવ પ્રસંગે સાધુઓ, સંતો ને ભક્તજનો સાથે ગુલાલ નાંખી, આનંદ કરતાં કરતાં ઉત્સવ ઉજવ્યો. પોતાના પૂજ્ય પ્રભુ સમા શ્રીજી મહારાજે જાતે જ પોતાની શ્રેષ્ઠતા ત્યજી ભક્તો ને સાધુઓ સાથે એક થઈ, સમાન રીતે સહુની સાથે ઉત્સવમાં ભાગ લીધો, એથી બધા ખૂબ કૃતકૃત્ય થઈ ગયા! એ સ્થળ પણ પવિત્ર થઈ ગયું જ્યાં સંતોનાં ચરણ પડયાં, શ્રીજી મહારાજ જ્યાં વિરાજ્યા ને આનંદના ગુલાલનો જ્યાં છંટકાવ થયો!

શ્રીજી મહારાજ શ્રી ઝીણાભાઈ ઉપર પ્રસન્ન થયા. એમણે પોતાની પ્રસન્નતાની અભિવ્યક્તિ કરી, શ્રી ઝીણાભાઈને કંઈક માગવા કહ્યું.

શ્રી ઝીણાભાઈ તો વિચારમાં પડ્યા ! થયું કે શું માગું ? વળી એ તો ભક્ત એટલે ભગવાનની કૃપા ને સાનિધ્ય સિવાય બીજું માગે પણ શું ? એમણે મનમાં વિચાર્યું કે જીવતાં તો પ્રભુ મળ્યા છે જ, પરંતુ મૃત્યુ પછી એ પ્રભુથી છૂટા ન પડાય એવું કંઈક માંગું ! વળી ગામના જાગીરદાર એટલે એમ પણ થયું કે મારા એકલા માટે જ શું કરવા ! આખા ગામ માટે જ માગી લઉં કે "પ્રભુ, મારા ગામમાં જે કોઈ મરે, તેને યમના દૂત નહિ, પરંતુ આપના દૂતો જ લેવા આવે !" આ વિચાર આવતાં જ એમના મુખ ઉપર આનંદ છવાઈ ગયો !

શ્રીજી મહારાજે સામે જોઈ પૂછ્યું "ઝીણાભાઈ શું વિચારમાં પડી ગયા ?"

ત્યાં તો ઝીણાભાઈ બોલ્યા, "પ્રભુ કંઈ નહિ. વિચારતો હતો કે આ જનમમાં તો આપ પ્રત્યક્ષ મળ્યા છો, તો મરણ પછી પણ આપનાથી વિખુટા ન પડાય માટે, મરણ સમયે આપના દૂતો જ આ ગામમાં જે કોઈ મરે તેને લેવા આવે, એટલું વચન આપો.

શ્રી ઝીણાભાઈની માગણી સાંભળી શ્રીજી મહારાજ પ્રસન્ન થયા. આ માગણીમાં મહારાજને ઝીણાભાઈની એક ભક્તની સરળતા ને "સારામાં સહુનો ભાગ' ની ભાવના જોઈ ખુશી ઉપજી. મહારાજે કહ્યું. 'બસ આટલુંજ માગવું છે ?'

ઝીણાભાઈ બોલ્યા, 'પ્રભુ, પહેલાં ખોરી જારનો રોટલો ખાતો હતો. તેમાંથી આપે મુક્તિ અપાવી. હવે કોઠીઓ જારથી ભરી છે. એટલે ખાધે પીધે કોઈ દુઃખ નથી. તો પછી બીજું શું માગું ? – 'વળી હવે તો ઉમ્મર પણ થઈ ને મર્યા પછી આપથી છૂટા ન પડાય માટે તો આ માગું છું.!'



શ્રી ઝીણાભાઈએ ન માગી સંપત્તિ કે ન માગી રાજ-ગાદી. માગી કેવળ પોતાની અને પોતાના ગામના રહીશોની મુક્તિ. કેવી નિસ્પૃહતા!

શ્રી સહજાનંદ મહારાજે ઝીણાભાઈને આપેલા આ વચનની વાત ધીમે ધીમે આસપાસનાં ગામોના લોકોમાં ફેલાઈ ગઈ ! પરંતુ શ્રદ્ધા હોય તેને સાચું મનાય, બીજાઓ પ્રભુના આ રહસ્યનો પાર શી રીતે પામી શકે ?

બીજાઓની જેમ પંચાળાથી થોડા દૂરના ગામના સીમાડામાં પડેલા ચામઠાઓના સાંભળવામાં આ વાત આવી. ચામઠાઓની આ કોમ કોઈ એક ઠેકાણે ઘર બાંધીને રહે નહિ. વગડામાં પડ્યા રહે ને વાંસના ટોપલાઓ તેમ જ બીજી મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવે.

આ ચામઠાઓમાં એક વૃદ્ધ ચામઠો માંદો હતો. તે ખૂબ શ્રદ્ધાળુ હતો. એ મનથી પ્રભુનું સ્મરણ કરતો ને હાથોથી ટોપલાઓ ગૂંથતો. એણે જ્યારે ઝીણાભાઈના વરદાનની આ વાત જાણી, ત્યારે તેને થયું, 'લાવને, હવે હુંય પંચાળા જાઉં, કારણ કે હવે હું બહુ સમય કાઢું એમ નથી.' ભગવાનના વચનમાં તેને પૂરી શ્રદ્ધા હતી.

એણે પોતાની આ ઈચ્છા પોતાના સગાંઓને કહી. પરંતુ બધા આ થોડું જ માને ? દિલની સરળતાને મનની શ્રદ્ધા વગર ધર્મના રહસ્યો માનવીને ઘણીવાર સમજાતાં નથી. છતાં ઘરડા માંદા માણસનું મન રાખવા તેના સગાઓ એને પંચાળા ગામમાં ભગવાને જ્યાં સમૈયો કરેલો, તે ખુલ્લી જગામાં લઈ આવ્યા. ત્યાં તેઓએ મુકામ કર્યો ને પોતાનું કામ કરવા લાગ્યા.

બે દિવસ પછી એવું બન્યું કે પંચાળાના ગીગા-ભાઈના ઘરનાં અદીબાને અડધી રાતે શ્રીજી મહારાજે દિવ્ય

સ્વરૂપે દર્શન આપ્યું. એટલે એમણે તુરત જ પૂછ્યું ' પ્રભુ અત્યારે ક્યાં પધારો છો ?'

શ્રીજી મહારાજે કહ્યું, "અમે અહીં એકવાર હુતાસણીમાં સમૈયો કરેલો. ત્યારે ઝીણાભાઈને વરદાન આપેલું કે આ ગામમાં જે કોઈ મરશે તેને અમારા દૂતો લેવા આવશે. અમારા આ વચનમાં શ્રદ્ધા રાખી એક ચામઠો અમારી સામૈયાની જગામાં આવીને રહ્યો છે. અત્યારે એની આવરદા પૂરી થઈ છે. એટલે અમે એને લેવા જઈએ છીએ.

શ્રી સહજાનંદ સ્વામીનાં આ વચન સાંભળી અદ્દી બાને ભારે આશ્ચર્ય થયું! તેમને મહારાજની આવી કરુણા જોઈ, 'પ્રભુ, કરુણાસાગર છે!' એ શાસ્ત્રવચનમાં શ્રદ્ધા થઈ. **સ્ત્રિયો વૈશ્યાસ્તથા શુદ્રાસ્તેઽપિ યાન્તિ પરાં ગતિમ્ ।**

શ્રદ્ધા રાખીને પ્રેમપૂર્વક પ્રભુનું સ્મરણ કરનાર કોઈ પણ જીવનો હાથ પ્રભુ ઝાલે છે, પછી ભલે તે ગમે તે જાતિ-પાતિનો હોય. એક ચામઠા જેવા શુદ્ર જાતિના જીવનો ઉદ્ધાર કરવા ખુદ પ્રભુપોતે પધાર્યા ને એને પોતાના ધામમાં તેડી ગયા! શ્રદ્ધાનું કેવું બળ!

× × ×

મહાભારતના યુદ્ધનો આવો જ એક અદ્‌ભુત પ્રસંગ છે. કુરુક્ષેત્રના સમરાંગણમાં, પાંડવો ને કૌરવોની સેના સામસામે ખડી છે. યુદ્ધની તૈયારીનાં દુંદુભી વાગી રહ્યાં છે! લાખ્ખો યોદ્ધાઓ પરસ્પરને મારવા–મરવા તૈયાર થઈને ઊભા છે. એમાં કોણ બચશે ને કોણ મરશે, તે તો કોણ કહી શકે? એક ભગવાન જ. બીજું કોણ ?

આવા ઘમસાણવાળા યુદ્ધક્ષેત્રમાં એક ટીટોડીએ માળો કર્યો છે. માળામાં એનાં બચ્ચાં છે. જમીન ઉપરનો આ માળો ઘડીમાં રોળાઈ જાય એવી પરિસ્થિતિ છે. કોઈ હાથી, ઘોડા કે યોદ્ધાના પગની ઠેસ વાગી જતાં કેટલી વાર? આટલા



મોટા રણક્ષેત્રમાં એક ટીટોડી ને તેનાં બચ્ચાંની રક્ષાનો વિચાર પણ કોણ કરે ?

પરંતુ ભગવાન કરુણાસાગર છે. ટીટોડીને શ્રદ્ધા છે કે ભલેને મહાસાગરનાં મોજાઓની જેમ અહીં યોદ્ધાઓ ઉછાળા મારે. શસ્ત્રાસ્ત્રોની ઘમસાણ મચે ને હજારો હાથી, ઘોડાઓ ને યોદ્ધાઓ રણમાં રોળાઈ જાય. પરંતુ ભગવાન મારું ને મારાં બચ્ચાંઓનું અવશ્ય રક્ષણ કરશે, કરશે ને કરશે જ. સાચી શ્રદ્ધા વિપરિત પરિસ્થિતિમાં પણ ડગતી નથી.

અને પ્રભુએ ટીટોડીની આ શ્રદ્ધાનો જવાબ વાળવો જ રહ્યો. એક અદ્‌ભુત ઘટના બની! યુદ્ધ માટે ઉન્મત બનેલો એક હાથી રણમાં દોડી રહ્યો હતો. તેના ગળામાં એક મોટો ઘંટ એને પાનો ચઢાવવા માટે બાંધેલો હતો. કંઈક એવું અકળ બન્યું કે આ ઘંટ દોડતા હાથીના ગળામાંથી તૂટી પડ્યો! ને પડ્યો તે પણ આ ટીટોડીના માથા ઉપર જ. એવી અજબ રીતે કે ન તો આ માળો છૂંદાયો કે ન તો ટીટોડીના બચ્ચાં કે ટીટોડી દબાયાં. આ મોટો ઘંટ ટીટોડીના માળાનું જાણે કે બખ્તર બનીને પડ્યો. માળો ને ટીટોડી સહીસલામત બની ગયાં! આ રહસ્યમય ઘટનાને કોણ જાણે? ફક્ત ભગવાન કૃષ્ણ જ–આ સમગ્ર ઘટનાના ઘડવૈયા–એમનાથી આનું રહસ્ય થોડું અજાણ્યું રહે ?

પછી તો મહાભારતનું યુદ્ધ થયું. અઢાર અક્ષૌણિ સેનાનો સંહાર થઈ ગયો. અનેક હાથી, ઘોડા ને રથોનો ઘાણ નીકળી ગયો. યુદ્ધમાં બચ્યા કેવળ પાંચ પાંડવો ને છઠ્ઠા ભગવાન કૃષ્ણ. અર્જુનને થયું કે મારી શક્તિના આધારે આ યુદ્ધ જીતાયું! ભગવાન જેવા ભગવાન સખા હોવા છતાં જીવનો અહંભાવ કેવો પ્રબળ છે કે અર્જુનના મનમાં આ ભાવ ઊઠયો. "હું હતો તો મારા ભાઈઓનો બચાવ થયો, નહિ તો કૌરવોના હાથે તેઓ ક્યાંય રોળાઈ જાત."

ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનનો આ અહંભાવ પામી ગયા! એ તો પ્રભુ – અંતરયામી! અર્જુનના મનની વાત એમનાથી શી રીતે અજાણી રહી શકે!

એમને થયું, અર્જુનના અહંનું નિરસન કરવું જરૂરી છે, એમણે અર્જુનને લઈ મહાભારતના યુદ્ધમેદાનમાં ચાલવા માંડ્યું. અર્જુને પૂછ્યું, "કૃષ્ણ, આપ મને ક્યાં લઈ જાઓ છો એ તો કહો."

ભગવાને કહ્યું, "અર્જુન, જેણે મારામાં વિશ્વાસ મૂક્યો છે, તે પરિપૂર્ણ થયો છે કે નહિ, તે જરા જોઈ લઉં." અર્જુનને કંઈ સમજાયું નહિ, છતાં તેણે મૌન ધારણ કરી, ભગવાન કૃષ્ણ શું કરે છે તે જોયા કર્યું.

ભગવાન કૃષ્ણ તેને રણમેદાનના એક ભાગમાં લઈ ગયા, જ્યાં આસપાસ હજારો યોદ્ધાઓના શબો વેરવિખેર પડેલાં હતાં, કોઈના હાથ ભાંગ્યા હતા, તો કોઈના પગ, કોઈનાં ધડ તો કોઈનાં શિર. એવો જ બધે પથરાયેલો પડ્યો હતો રથોનો ભંગાર ને આયુધોના ટુકડાઓનો ગંજ. યોદ્ધાઓના અહંના પ્રતીક સમાં. સમગ્ર રણમેદાન મોતના તાંડવસમું ભાસતું હતું. ક્યાંય પણ જીવનનો લવલેશ ધબકારો વરતાતો ન હતો. અર્જુનને થયું આ મડદાઓના ઢગ વચ્ચે શ્રીકૃષ્ણ મને ક્યાં લઈ જઈ રહ્યા છે!

ત્યાં તો શ્રી કૃષ્ણે ઊભા રહીને અર્જુનને પણ પોતાની પાસે આવવા ઈશારત કરી. અર્જુન પાસે આવતાં થોડે દૂર મડદાઓના ઢગ વચ્ચે એક મોટો ઘંટ પડેલો હતો, તેને ઊંચકવા ભગવાન કૃષ્ણે કહ્યું. અર્જુનને પણ આશ્ચર્ય થયું! આ ઘંટ ઊંચકવાની શી જરૂર? પરંતુ એણે પ્રભુની આજ્ઞાનું પાલન કર્યું અને એની નીચે એણે જોયું તો એ અવાક્ બની ગયો! તેણે ટીટોડી અને તેના બચ્ચાંને માળામાં સહી-



સલામત બેઠેલાં જોયાં આશ્ચર્યથી એનાથી પૂછાઈ ગયું, "પ્રભુ, આ શું? આટલા ઘમસાણમાં, આ રણક્ષેત્રની વચ્ચે, આ ઘંટની નીચે એ શી રીતે બચ્યાં?"

ભગવાન શ્રી કૃષ્ણે હસીને કહ્યું, "અર્જુન, આ ટીટોડીની મારામાંની શ્રદ્ધાએ એમને બચાવ્યાં છે. બાકી કોણ કોને મારી શકે કે કોણ કોને બચાવી શકે? માનવી ફોગટ ફુલાય છે કે મેં આ કર્યું, મારા વગર આ થાત જ નહિ. સાચી વાત એ છે કે પ્રભુ જ સર્વ કાંઈ કરે છે. ફક્ત એ કોકને એનું નિમિત્ત બનાવે છે, એટલું જ."

અર્જુનને ઘડી પહેલાં પોતાને થયેલો અહંભાવ યાદ આવ્યો. હવે એને પ્રતીતિ થઈ કે, મહાભારતના યુદ્ધમાં જે કોઈ મરાયા તે મારી શક્તિથી નહિ, પરંતુ પ્રભુની શક્તિથી જ. હું તો કેવળ નિમિત્ત જ. ને તેનો અહંભાવ ઓગળી ગયો!

બીજી જ ક્ષણે ભગવાને રણમેદાનમાંથી પાછા ચાલવા માંડ્યું. અર્જુનના અહંભાવને ઓગળવાનો ને ટીટોડીની શ્રદ્ધાની પરિપૂર્ણતાના હેતુઓ સિદ્ધ થઈ ગયા હતા.

# શ્રેયયાત્રા

શ્રી ભાઈલાલભાઈ છાટબાર

(૮)

## સંયમસ્થ સંયતેન્દ્રિય મનુષ્ય

સવારે–બપોરે બે બે કલાક સત્સંગ બેઠક ચાલે છે.

રાતે એક કલાકનું પ્રવચન અને એક કલાકની સત્સંગ-બેઠક હોય છે. રાતની બેઠકમાં મિનિટે મિનિટનો સદ્ઉપયોગ થઈ રહ્યો છે. વાંચન, વાંચન ઉપર વિચારોની આપ–લે, જિજ્ઞાસુઓના પ્રશ્નોનું નિરાકરણ, મહાત્માજીના બે ગીત–ભજન અને કદીક તે ઉપરાંત શ્લોકગાન—આ બધામાં એક કલાકનો સમય સહજમાં વ્યતીત થઈ જાય છે.

રાતની સત્સંગબેઠકમાં પ્રેમીચાહકોનું સંમિલન મંગળ પરિવારમિલન બની રહે છે.

મન–હૃદયનું ખેંચાણ ચોવીશેય કલાક ચાલે છે. શકય એટલા કલાકો સાન્નિધ્યમાં ગાળું છું. અંતરના અતળ ઊંડાણમાં સ્પંદનો અનુભવી રહ્યો છું. સારીય ચેતના આંદોલિત થઈ ઊઠી છે. બધો સમય સમગ્ર અસ્તિત્વ આ એક જ ધ્રુવ-બિન્દુ તરફ ખેંચાયેલ રહે છે.

સવારની બેઠકમાં બહુ જૂજ વ્યક્તિ આવે છે. બપોરે ચાર–પાંચ અને કોઈક વાર રવિવાર જેવા દિવસે વધીને સાત–આઠ વ્યક્તિ હોય છે. રાતની પ્રવચન પછીની સત્સંગ-બેઠકમાં બાર–પંદર ચિરપરિચિત ચહેરા હોય છે. કદીક રાતની આ સંખ્યામાં એક–બે નવા ચહેરા પણ ઉમેરાય છે. રાતની આ બેઠક જાણે વિશેષ આત્મીય જનોની બેઠક હોય તેવું પ્રત્યેક પ્રેમીભક્તને લાગે છે.



હમણાં બે દિવસથી સાંજે છ વાગ્યે મહાત્માજી તથા માતાજી સાથે ફરવામાં હોઉં છું. સામાન્ય રીતે બંદરના રસ્તે નદી તટ સુધી જઈને પાછા ફરીએ છીએ.

ફરવા જતી વખતે મહાત્માજી પાસેથી તેઓશ્રીના સાધનાકાળની અવનવી વાતો અને પ્રકાર પ્રકારના અનુભવો સાંભળવા મળે છે. આ સાધના–અવસ્થાની પાર્શ્વભૂમિમાં માતાજીનું સુરેખ વ્યક્તિત્વ ઉપસતું દેખાય છે. તે સમયની વાતોમાં માતાજી પણ જોડાય છે અને ક્યાંક ક્યાંક સ્મૃતિઓની કડીઓને બંધબેસતી કરવામાં સાથ પુરાવે છે.

સવાર બપોરની બેઠકોમાંથી ઘણું ઘણું મળી રહે છે. વ્યક્તિઓ જિજ્ઞાસા ભાવે પ્રશ્નો પૂછે છે. ઉત્તર સર્વગ્રાહી હોય છે. તે સાંભળી પ્રશ્નકર્તા સંતોષ પામે છે અને રાજી થાય છે.

બેઠકોમાં ભક્તિ, જ્ઞાન, યોગ, કર્મ, જપ, મનની એકાગ્રતા વગેરે વિષયો ઉપર પ્રશ્ન થાય છે.

મહાત્માજી, અગાધ જ્ઞાન અને સ્વાનુભૂતિની સંપત્તિના કારણે શાસ્ત્રવાકયોનો આધાર આપીને પ્રશ્નોનું નિરાકરણ કરે છે. પ્રશ્નકર્તા ને કદી પૂછતા પણ નથી કે શું સાધન-ભજન કરો છો, શું શું વાંચ્યું છે કે તેની બુદ્ધિને કસોટીએ ચઢાવતા નથી.

સત્યના સાક્ષાત્કારી આ મહાપુરુષને તર્ક દ્વારા સત્યને સિદ્ધ કરવાની આવશ્યકતા નથી. સત્ય સ્વયં તર્ક ઉપર સવારી કરી શકે છે, એવું તેઓશ્રીની વાણી દ્વારા ફલિત થતું અનુભવાય છે.

આજકાલ હું સવારે, બપોરે અને રાતે ત્રણેય બેઠકોમાં પહોંચું છું.

હજી હું મારા મનથી નિકટ નથી એટલે વાણી-વ્યવહારમાં સંકોચ રહે છે. ખુલ્લા મને સર્વ કંઈ મનોભાવ વ્યક્ત કરવાનું શક્ય બનતું નથી. તેઓશ્રી તો હું નિકટ હોઉં એવી રીતે જ પ્રેમપૂર્વક વ્યવહાર કરી રહેલ છે.

પ્રેમસ્વરૂપ હોવાથી તેઓશ્રી પાસે જિજ્ઞાસુ હરકોઈ વ્યક્તિ નિકટ છે. હરેક સાથે વ્યવહાર પ્રેમપૂર્ણ છે. સૌ કોઈને લાગે છે કે મહાત્માજી મારા છે.

શિયાળાની ઋતુ ચાલે છે. બપોરે ખુશનુમા તડકો રહે છે. સૌરાષ્ટ્રના કાશ્મિરની ઉપમા પામેલા આ નાનકડા શહેરમાં બધી ઋતુઓ સમધાત છે. શિયાળામાં ઠંડીનો કે ઉનાળામાં ગરમીનો અનુભવ થતો નથી. ઉનાળો સવિશેષ આહલાદક છે એટલે એ ઋતુમાં મુંબઈ વસતા વતનપ્રેમી અને અન્ય અનેક લોકો ઠંડી હવા માણવા અહીં આ બંદરી સ્થળે આવે છે.

ઉત્તર, પૂર્વ અને દક્ષિણ ત્રણેય દિશાએ નદીનું પ્રેમાંલિંગન આ શહેરને મળેલું છે. નદી કિનારે વિવિધ ફળફૂલોથી લચી રહેલ ફળાઉ વૃક્ષો અને ફૂલછોડોના અસંખ્ય બાગબગીચા છે. મુખ્ય વૃક્ષ આંબા અને નાળિયેરીઓની શોભાથી સમગ્ર નદીકિનારાનો સારોય વિસ્તાર પ્રકૃતિસૌંદર્યથી ભરપૂર છે.

તા. ૧૬-૧૧-૫૨ની સવારની બેઠક શરૂ થઈ છે. જઈને હું પ્રણામ કરીને બેઠો.

મહાત્માજી ગાદી ઉપર તકિયાને અઢેલીને બેઠા છે. માતાજી અલગ આસન ઉપર છે.

થોડા સમયમાં અન્ય બે વ્યક્તિનું આગમન થયું.

શરૂમાં સામાન્ય વાતચીત ચાલી. પછી આજે આ પ્રમાણે સંવાદ ચાલ્યો.



પ્રશ્ન : સંયમીનો અર્થ સમજાવો.

મહાત્માજી : ગૃહસ્થ હોય કે વિરક્ત ત્યાગી. તે શરીર, મન અને અંતરતમથી સંયમી હોય તો સાચા અર્થમાં સંયમી છે.

પ્રશ્ન : આપ આહારવિહારના સંયમની વાત કરો છો તે પ્રકારના સંયમને સમજાવો.

મહાત્માજી : આહારનો સંયમ એટલે શુદ્ધ, સાત્ત્વિક વસ્તુ જ ભોજનમાં લેવી. દૂધ એક વાર ઉફાળો આવેલું લેવું જોઈએ. ઘટ્ટ દૂધ પણ ન લેવાય. એટલે કે ગાયનું દૂધ પસંદ કરવું જોઈએ. વિહારના સંયમમાં ઇન્દ્રિયો ઉપરનો સંયમ સમાવિષ્ટ છે. ચર્મચક્ષુ, શ્રવણેન્દ્રિય, સ્વાદેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય કે તે બધી ઇન્દ્રિયો ઉપર શાસન કરતું મન- આ બધાં ઉપરનો કાબૂ એટલે સંયમ.

—પ્રત્યેક ચીજની પૂરેપુરી પરીક્ષા કરીને જ તેને ભીતરમાં પ્રવેશ આપવાનો હોય છે. સંયમી વ્યક્તિ વિવેકરૂપી ચોકીદાર પ્રત્યેક ઇન્દ્રિયના દ્વાર ઉપર બેસાડી રાખે છે અને તે જુએ છે કે કઈ ચીજ ભીતર દાખલ કરવા જેવી છે.

—આત્મશાન્તિ માટે પથપ્રદર્શક થઈ શકે તેવી ચીજોની પસંદગી અને તેનો અંદર પ્રવેશ એટલે ઈશ્વરની અંદર પ્રવેશ.

ઉપ પ્રશ્ન : સાધકે આવો ભેદ સહેલાઈથી કેવી રીતે પાડવો ?

મહાત્માજી : સાધક જે ચીજ ઉત્તેજક નથી હોતી અને જે અંતઃકરણને માટે શામક હોય છે, તેને જ અંદર પ્રવેશ કરવા દે છે. સંયમી વ્યક્તિ ચીજનો સ્પર્શ પણ વિવેકપૂર્વક કરે છે, કેમકે સ્પર્શ પણ ભીતરમાં અંતઃકરણ સુધી પહોંચે છે. જે ચીજ ભીતરમાં ચિત્તને સ્વસ્થ કરે, ચિત્તને સંગીતબદ્ધ કરે, ચિત્તને પ્રફુલ્લિત કરે અને મૌનરૂપી

ગહન શાન્તિમાં ડુબાવી શકે તેવી ચીજને જ માત્ર અંદર પ્રવેશ મળે છે. સંયમી વ્યક્તિ આત્માને માટે શાન્તિ અર્પનાર હોય તેવી જ વસ્તુને સાંભળે છે, સ્પર્શે છે, ચાખે છે, જુએ છે અને સૂંઘે છે.

જ્ઞાનેન્દ્રિયો અને મન સામર્થ્યહીન છે. જ્ઞાનેન્દ્રિયો અને મનની પાછળ રહેલ ચૈતન્યને જ અંતિમ દૃષ્ટિ, અંતિમ શ્રવણ, અંતિમ સ્વાદ, અંતિમ ઘ્રાણ અને અંતિમ સ્પર્શશક્તિ સાંપડેલ છે. સંયતેન્દ્રિય સાધક–ભક્તની મૈત્રી મંગળમય હોય છે. સંયતેન્દ્રિય મનુષ્ય સૃષ્ટિનો મહાન ચમત્કાર છે.

પ્રશ્ન : ધ્યાન માટે વાણીસંયમ કેવો જાતનો જોઈએ ?

મહાત્માજી : કોઈ કંઈ ન પૂછે તો વાત ન કરવી જોઈએ. પૂછેલી વાતનો પણ આવશ્યક ઉત્તર આપવો જોઈએ અને આવશ્યકતા ન હોય તેવી ફાલતૂ વાત ઉત્તરમાં ન હોવી જોઈએ એટલે કે ઉત્તર જેટલો સંક્ષિપ્ત હોય તેટલું વધારે સારું. પોતે પણ અત્યંત આવશ્યક વિષય વિશે જ પૂછવું જોઈએ. ખાસ જરૂરી વાતો સિવાયની બીજી વાતો કરવી જોઈએ નહિ તેમજ સાંભળવી પણ જોઈએ નહિ.

સાધકના કપડાં, સાધકની પથારી અને સાધકે ભોજન કરતી વખતે જાળવવા યોગ્ય નિયમો વગેરે વિશે વાતો ચાલી. સાધકના જીવનપ્રત્યેના અપરિગ્રહવ્રતપૂર્ણ અભિગમ વિશે પણ થોડી વાતચીત થઇ. ૧૧–૦૦ વાગ્યે સમય થતાં અમે ત્રણેયે પ્રણામ કરીને રજા લીધી.

ક્રમશઃ

*



# कार्य कर्म समाचर

પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઈ ( કુમાર )

કર્મનો કાયદો એવો સર્વોપરી, અચલ અને અટલ છે કે શ્રુતિમાતાએ **सर्वं खल्विदं ब्रह्म** ને બદલે **सर्वं खल्विदं कर्म** કહ્યું હોત તો નાસ્તિકોને અથવા કહેવાતા અજ્ઞેયવાદીઓને ય વાંધો ન આવત ! વ્યક્તિથી માંડી સમષ્ટિ સુધી કેવળ કર્મનો જ પ્રભાવ પ્રવર્તે છે. અનાગતમાં ય કર્મ, અતીતમાં ય કર્મ, અને ભૂત–ભવિષ્યને સાંકળનારી વર્તમાનની કડી પણ કર્મ જ છે. આપણો કાયાનો કોથળો કેવળ કર્મ અને ક્રિયાની જ પરિણતિ છે અને એનું પર્યવસાન પણ કર્મના વિધાનને અનુસરીને જ થવાનું છે

અગ્રણી ઉપનિષદ્ ઈશાવાસ્ય એવો સ્પષ્ટ આદેશ આપે છે કે કર્મો કરતાં કરતાં ભરપટ્ટે સંપૂર્ણ (**शतं**) આયુષ્ય જીવો; તો બીજી બાજુથી સર્વ શાસ્ત્રો એવો અનુરોધ કરે છે કે 'સર્વ કર્મોનો પૂર્ણવિરામ લાવીને **पुनरपिजननं**.ના સંસારચક્રમાંથી મુક્તિ મેળવો. આપણાં શાસ્ત્રોની વિશિષ્ટતા આવા વિરોધાભાસમાં જ રહેલી છે ને ! વળી ઈશા. ઉપ.ના ઋષિએ બીજા પાદમાં ઉમેર્યું છે કે **एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे ।** કર્મ કરતાં કરતાં જ–કર્મસાધન દ્વારા જ–કર્મમાંથી મુક્તિ મેળવવાની છે. આ તો કાંટાને કાંટા વડે કાઢવા જેવી વાત થઈ. એ કાંટો કાઢવામાં–ઓપરેશન કરવામાં 'કૌશલ' જોઈએ. તેથી ગીતાએ કહ્યું કે **योगः कर्मसु कौशलम् ।** આ જ 'યોગ' શબ્દ **समत्वं योग उच्यते ।** માં પણ યોજાયો છે. તાત્પર્ય કે કર્મ કરવાનું ફરજિયાત છે. પણ એ કર્મ જો કૌશલ અને સમત્વપૂર્વક થાય તો તે કર્મ કેવળ **कर्म** રહેતું નથી પણ **कर्मयोग** બની જાય છે અને તે મોક્ષના માર્ગમાં બાધક નહીં, પણ સાધક બની રહે છે.

સમત્વ બાબત ટૂંકમાં કહેવું હોય તો 'મામકા–તાવકા–સાવકા'ની રાગદ્વેષયુક્ત ભાવનાથી થતું કાયિક, વાચિક કે માનસિક કોઈ પણ ભૂમિકા પર થતું કર્મ **विषम कर्म** છે. તેથી ઊલટું **सुखेःदुखे समे कृत्वा लाभालाभौ जयाजयौ**ની ભાવનાથી નિર્માનમોહી નિરહંકારી બનીને થતું કર્મ **समकर्म** છે.

કેવી રીતે કર્મ કરવું તે તો જોયું, પણ 'કયું કર્મ કરવું' એ વિષે ગીતામાં અનેક સ્થળે સ્પષ્ટ ઉલ્લેખો છે. દા. ત.

**अनासक्तं कर्मफलं कार्यकर्म करोति यः ॥ ६–१ ॥**
**तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ॥ ३–१९ ॥**

આમ યુક્તિબાજ શ્રીકૃષ્ણે **कर्म**ની આગળ બે મૂલ્યવાન વિશેષણો મૂકી દીધાં. (૧) **અસક્ત** અને કાર્ય. આમ મહાવૈદ્યે (ભવ) રોગમુક્તિ માટેની મહામાત્રા તો આપી, પણ સાથે 'અનાસક્તિ' અને 'કાર્ય કર્મ'નુ પથ્ય દર્શાવ્યું. પથ્યપાલન વિના (કર્મનું) ઔષધ લેવાય તો તત્કાળ રાહત તો રહે પણ મેલેરિયાની માફક રોગ ફરી ફરી હુમલો કર્યા જ કરે–બીજા જન્મોની તૈયારી થતી જ રહે!

તો આ 'કાર્ય કર્મ' કોને કહેવું? વ્યક્તિએ વ્યક્તિએ અને સમય સમય પર તે જુદું જ રહેવાનું. કાર્યકર્મ એટલે કર્તવ્ય કર્મ, સ્વધર્મ. જેનું જેના પ્રતિ જ્યારે જે કર્તવ્ય હોય તેનું તે કર્તવ્ય તે પળે તેના માટે અનિવાર્ય અને શ્રેયસ્કર છે.
**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः**

એક સાદું ઉદાહરણ લઈએ. એક સભાની પૂર્વ યોજનાની જવાબદારી એક વ્યક્તિના શિરે છે. પાથરણાં પાથરવાથી માંડી છેક માઈક વગેરેની વ્યવસ્થાનું તેનું કાર્યકર્મ એટલું જ મહત્ત્વનું છે જેટલું વક્તા કે પ્રમુખના કાર્યકર્મનું છે. બંને કાર્યકર્મો સૌ સૌના સ્વધર્મની દૃષ્ટિએ સમાન છે. સભાના વ્યવસ્થાપક, વક્તા–પ્રમુખ કે શ્રોતાસમુદાય Work is Worshipની ભાવનાથી, રાગદ્વેષ રાખ્યા સિવાય, પોતપોતાના કાર્યકર્મ (સ્વધર્મ)નું સમત્વથી સમાચરણ કરે તો તેમનું તે જ કર્મ કર્મયોગ બની રહે છે. આ જ ઉદાહરણને કુટુંબ, સમાજ, દેશ અને સમગ્ર વિશ્વ સાથેના સંબંધો સુધી વિસ્તારી શકાય.



આ તો સ્થળ, સમય, સંદર્ભ પ્રમાણે પરિવર્તન પામતા પૃથક પૃથક વૈયક્તિક ધર્મની વાત થઈ. પણ સર્વ શાસ્ત્રોને 'સ્વધર્મ' દ્વારા જે બીજો વ્યાપક અર્થ અભિપ્રેત છે તે સ્વ પ્રતિના ધર્મનો–સનાતન ધર્મનો છે, કે જેના આગળ વ્યક્તિગત ધર્મો–પ્રસંગ આવે–ગૌણ બની જાય છે. **शिवोऽहम् शिवोऽहम्** દ્વારા કે **ममैवांशो जीवलोके जीवभूतः सनातन** દ્વારા, **स** દ્વારા **तत्**નો એટલે કે—આત્મપ્રતીતિ દ્વારા પરમાત્મપ્રતીતિ કરવાનો સતત ભગીરથ પુરુષાર્થ કરવો....એ **જીવમાત્રનો સનાતન સ્વધર્મ** છે. અને વળી આ સ્વધર્મકર્મની સાધના સહજ અને જન્મભરની, બલ્કે જન્માંતરની છે. આ સ્વરૂપાનુસંધાન થવામાં જો કોઈ આડે આવતું હોય તો તે બીજું કોઈ નહીં પણ જીવના પોતાના જ 'કર્મસંસ્કાર' છે. વેદાન્તે એને **विक्षेप, आवरण** એવી સંજ્ઞાઓ આપી છે, **माया** અને **अविद्या** કહીને વર્ણવી–વગોવી પણ–છે. પણ એ ન ભૂલવું જોઈએ કે જેમ અવિદ્યાનાં આવરણો છે, તેમ વિદ્યાનાં પણ છે. અવિદ્યા–વિદ્યા બન્નેનું અનાવરણ કરવાનું છે અને તે માટે 'કર્મ' એ જ મુખ્ય સાધન છે. તે કાર્યકર્મ પછી ભક્તિ કે ઉપાસનાનું હોય, જ્ઞાનનું કે યોગનું હોય. એ સર્વ પ્રકારના કાર્યકર્મ 'કર્મયોગ'માં રૂપાન્તરિત થવાં જોઈએ.

તેથી જ ગીતાકારે અ. ૨માં સ્થિતપ્રજ્ઞનાં, ૬માં યોગીનાં ૧૨માં ભક્તનાં, ૧૩માં જ્ઞાનીનાં, ૧૪માં ગુણાતીતનાં અને ૧૬માં શ્રેષ્ઠ સાધકનાં જે વિવિધ લક્ષણો આપ્યાં છે તેમાં સર્વસામાન્ય તત્ત્વ હોય તો તે **निष्कामता**નું, આસક્તિવિજયનું–વાસનાવિલયનું–છે. ડો. રાધાકૃષ્ણને તેથી જ કહ્યું કે

'નિષ્કામ કર્મમાં તટસ્થતા કે સાક્ષીભાવ એટલે જ કર્મ-યોગ'. કૌશલ અને સમત્વ પૂર્વક અનાસક્તિથી કરેલાં કાર્યકર્મ (સ્વધર્મ)ને કર્મયોગમાં પલટાવવાની ચાવી નિષ્કામતામાં જ રહેલી છે.

તાત્પર્ય કે, 'સકામ કર્મનું ફલ – કર્મવિસ્તારજનિત જન્મચક્ર ચાલુ રાખનારું – 'સકામ ફલ' છે; પરંતુ 'નિષ્કામ કર્મ'નું પરિણામ 'નિષ્કામ ફલ' છે જેનો લેપ એને લાગતો નથી. જે કર્મનો કર્તા બનતો નથી તે ફલનો ભોક્તા પણ બનતો નથી. **कर्मण्ये वाऽधिकारस्ते** વાળા શ્લોકમાં પૂરી લગન (Sincerity)થી સ્વધર્મકર્મો કરવાનો આદેશ આપ્યો છે. પણ સાથે સાથે બીજા પાદમાં **मा ते सङ्गोऽस्त्वकर्मणि** 'અકર્મ'માં અભિરત નહીં થવાનો જે અનુરોધ કર્યો છે તેના તરફ આપણે મોટેભાગે દુર્લક્ષ્ય સેવ્યું છે. થિયોસોફિકલ સોસાયટીના આદ્ય સ્થાપિકા મેડમ બ્લેવટ્સ્કીના 'Voice of Silence'માંનું એક ધ્યાનસૂત્ર આ સંદર્ભમાં મનનીય છે.

"Inaction in a deed of action becomes an action in a deadly sin."

પ્રારબ્ધરૂપે લાવેલા આપણાં જ કર્મસૂત્રનું પિલ્લુ આપણે આ જન્મમાં એવા કૌશલપૂર્વક ઉકેલતા જવાનું છે કે છેવટે એ પિલ્લુ નામશેષ થઈ જાય. પણ આપણે તો ગાંઠો વાળી વાળીને – બીજાની દોરી લૂંટીને પણ – એ પિલ્લાને મોટું ને મોટું જ કરતા જઈએ છીએ. ભગવાન તો વચ્ચે ડખલ કરતા જ નથી. એ સચ્ચિદાનંદ પાસે તો સુખેય નથી અને દુઃખેય નથી. પછી તે મનુષ્યને ક્યાંથી આપે? એ તો મનુષ્યની પોતાની જ કમાણી જેવી કરણી તેવી ભરણી.

**सुखस्य दुःखस्य न कोऽपि दाता ।**
**स्वकर्मसूत्रग्रथितो हि लोकः ॥** (વા રા. ૬-૬)



આ ગહના ગતિવાળા કર્મનો મર્મ સમજવા–અનુભવવા તો (પૂ. શ્રી યોગેશ્વરજી જેવા) વીતરાગી સંતમહાત્મા પુરુષોના જીવનનું સાક્ષાત્ અન્વીક્ષણ અને એમના અમૂલ્ય માર્ગદર્શનનું પ્રામાણિક અનુસરણ જ સર્વોત્તમ માર્ગ છે. કારણ એવા દિવ્ય ચેતનાના વાહકો સાધકોને – ખાસ કરીને ગૃહસ્થાશ્રમી સાધકોને અનુરોધ કરતા હોય છે **तेन त्यक्तेन भुंजिथाः ।** તેનો ત્યાગ કરીને ભોગવ.

❋

## તમારા સાન્નિધ્યે

(શિખરિણી)

તમારા સાંનિધ્યે, મૃદુલ હસતા નેણ મલક્યાં,
કૃપાની વર્ષાના મધુરતમ ફોરાં ઝમઝમ્યાં!
હવા ભીની ભીની, શીતલ થઈને અંતરતમે,
પ્રવેશી સોનેરી સ્વપન મધુરાં જાગૃત કર્યાં!

તમારા સાન્નિધ્યે પ્રખર તડકે ધોમ ધખતી,
બની તોય મારી હૃદય ધરતી ફોરમવતી;
અને શ્વાસે શ્વાસે ચિતિ ભગવતી સાજ સજવા,
અહો! લાગી કેવા નિત અવનવા રાગ ગરવા!


તમારા સાંનિધ્યે, અમૃત ઝરણું અંતર મહીં
વહી રે'શે, શ્રદ્ધા રગ રગ મહીં એવી પ્રકટી!
વહ્યાં વર્ષો તેનો હૃદયમાં તો રંજ પ્રજળે,
નહીં વીતો એવા દિવસ અધુના આપ વિરહે!

પ્રવાસી જન્મોનો પ્રણયપુરમાં થાઉં વિલીન,
મને લાગો એવી લગન પ્રિય હે! સુંદરતમ!

શ્રી ઈશ્વરભાઈ પટેલ

# મત્સ્યેન્દ્રાસન

શ્રી મણિભાઈ શાહ




આ આસન મત્સ્યેન્દ્રનાથ નામના યોગીએ શોધ્યું હોઈ તેમના નામ ઉપરથી આ આસનને મત્સ્યેન્દ્રાસન કહે છે.

મત્સ્યેન્દ્રાસન અઘરૂં હોઈ તેના બીજાં બે હળવાં રૂપો શોધાયાં છે. અર્ધમત્સ્યેન્દ્રાસન અને વક્રાસન. આ બન્ને આસનો સહેલાં છે. અહીં પહેલા અર્ધમત્સ્યેન્દ્રાસન અને પછી મત્સ્યેન્દ્રાસન લઈશું. આવતે અંકે વક્રાસન બતાવીશું.






**આસનની રીત-અર્ધ મત્સ્યેન્દ્રાસન:**

(૧) બંને પગ લાંબા કરી જમીન ઉપર બેસી જાઓ.

(૨) હવે જમણો પગ વાળી તેનો પંજો ડાબા પગના અંદરના સાથળ સાથે લગાડો. જુઓ ચિત્ર નં. ૧

(૩) પછી ડાબો પગ વાળી તેના પંજાનું તળિયું જમણા ગોઠણ પડખે જમીન પર ગોઠવો. જુઓ ચિત્ર નં. ૨

(૪) હવે નીચેના જમણા પગની પાની પાછી ખેંચી નિતંબના હાડકા સાથે લગાડી દો અને સાથે સાથે ડાબા ગોઠણ આગળ જમણો હાથ લાવી તેને કોણીથી દબાવી ડાબા પગનો પંજો અગર, અંગુઠો તે જ હાથે પકડી રાખો અને ધડને મરડી ડાબી તરફ જુઓ. ડાબો હાથ પણ પીઠ પાછળ લઈ જઈ જમણા સાથળ ઉપર તેનો પંજો દબાવી રાખો. જેથી મરડેલું ધડ પાછું આવતું ન રહે. કરોડને ટટ્ટાર કરો અને કરોડને આપેલો મરોડ સ્થિર રીતે જાળવી રાખો જુઓ ચિત્ર નં. ૩

ચિત્ર નં. ૩ની સ્થિતિ ચિત્ર નં. ૪માં પાછળથી દેખાડી છે.

ઉપરોક્ત આસન એક બાજુથી થયું પરંતુ ડાબીજમણી બંને બાજુએ કરીએ ત્યારે આસન પૂરું થયું ગણાય.

**મત્સ્યેન્દ્રાસન:**

આ આસન અર્ધ મત્સ્યેન્દ્રાસનથી વધારે અસરકારક છે પણ ઘણું અઘરૂં છે. આમાં અર્ધમત્સ્યેન્દ્રાસનની બધી વિગતો સમાન છે. પરંતુ જે પગ બેઠક કે નિતંબના હાડકાની સાથે

લગાડવામાં આવતો તે પગ પેડુ અને સાથળ વચ્ચે ગોઠવવાનો છે. જમણા પગથી શરૂ કરીએ તો તેની પાની પેડુના ડાબા ભાગ ઉપર જ્યાં મોટા આંતરડાનો અંતભાગ આવે છે તેની ઉપર ગોઠવવાની છે. જુઓ ચિત્ર નં. ૫. પગનો પંજો થોડોક બહાર દેખાય તેમ રાખો.

આ આસન શરૂઆતમાં દરેક બાજુ ૫–૭ સેકંડ જ સ્થિર રાખવું પણ અભ્યાસ પછી એક મિનિટ સુધી રાખી શકાય. બંને બાજુએ થઈને ૨ મિનિટ સમજવી.

ફાયદા :

(૧) આ આસનથી કરોડમાં લોહીનો પ્રવાહ વધતો હોઈ કરોડની માંસપેશીઓ સબળ અને નીરોગી બને છે.

(૨) કરોડરજ્જુ અને તેમાંથી નીકળતી બંને બાજુની જ્ઞાનતંતુની જાળ પણ સતેજ અને નીરોગી બને છે.

(૩) કરોડની જડતા દૂર થાય, તેની સ્થિતિસ્થાપકતા વધે છે અને કરોડના મણકા કાર્યક્ષમ બને છે.

(૪) મળવિસર્જન તંત્ર સતેજ થાય છે.

(૫) પેટ અને કમર પરનું મેદ ઓછું કરે છે.

(૬) લીવર, કિડની, પેનક્રિયાસ વગેરેની ક્રિયાઓ પણ ઉત્તેજિત થાય છે.

**સૂચના :** કરોડના કોઈ દર્દમાં ડૉક્ટરની સલાહ અવશ્ય લેવી તેમ જ આંચકાભેર કે બળપૂર્વક કરોડને મરડવાનો પ્રયત્ન ન કરવો. ધીરે ધીરે અભ્યાસથી કરોડની અક્કડતા દૂર કરી આગળ વધવું જોઈએ.





પરમ પૂજ્ય માતાજી

# પૂજ્ય માતાજી : એક પરિચય

શ્રી સર્વેશ્વરી

જનની જણ તો ભક્ત જણ
કાં દાતા કાં શૂર ............

જે માતાના જીવનમાં એ પંક્તિ કૃતાર્થ થાય છે તે માતા વંદનીય છે. લગ્નજીવન એકાદ ગાંધી, બુદ્ધ કે ઈશુ જેવા માનવરત્નને સમાજને ચરણે ધરવા મળેલું છે. એવા એકાદ રત્નને સમાજને ચરણે ધરીને લગ્નજીવન સફળ કરીને માતાનું જીવન ધન્ય બની જાય છે.

વરસોથી પૂ. શ્રી યોગેશ્વરજીને ગુજરાત જાણે છે. એમના પ્રવચનો દરમ્યાન એમની પાસે જ અલગ આસન ઉપર ૭૫ ની વય વટાવી ગયેલી, ટેકા વિના કલાકો સુધી ટટ્ટાર બેસી રહેનારી સન્નારીનાં પણ આપણે હંમેશા દર્શન કરીએ છીએ, તે બીજું કોઈ નહીં પરંતુ જેનું જીવન વંદનીય છે, જેનું જીવન ધન્ય છે એવી આદર્શ પવિત્રતાની પ્રતિમા પૂ. શ્રી યોગેશ્વરજીના બા. જેમને પૂ. શ્રી અને ભાવિકભક્તો માતાજીને નામે સંબોધે છે.

પૂ. માતાજી પૂ.શ્રી ની હિમાલયની આકરી તપશ્ચર્યાના સાક્ષી બનીને, પૂ.શ્રી ના પડછાયા જેવાં થઇને છેલ્લાં ત્રીસેક જેટલાં વરસોથી એમની સાથે રહ્યાં છે. પોતાનો એકનો એક સુપુત્ર નાનકડી ઉંમરે જ ત્યાગી જીવન જીવવાની ઇચ્છા સેવે અને તેની પાસે પોતે પણ સંસાર છોડીને તપસ્વિનીની જેમ સ્વેચ્છાએ ફકીરી ગ્રહણ કરીને પહોંચી જાય એવી માતા આધ્યાત્મિક ઇતિહાસમાં મળવી મુશ્કેલ છે.

પૂ. શ્રી યોગેશ્વરજીએ આઠ વરસની નાનકડી ઉંમરે પોતાના પિતાનું છત્ર ગુમાવ્યું. પચીસ વરસની ઉગતી યુવાનીમાં વૈધવ્યનું દુઃખ માતાજી ઉપર આવી પડયુ. ત્યારે એ નાનકડો આઠ વરસનો બાળક માતાજીનો જીવન સહારો બન્યો. પરંતુ થોડા જ વરસો પછી એ નાનકડા જીવનસહારાએ ત્યાગને પંથે હિમાલય જવાની માતાજી પાસે રજા માંગી ત્યારે કઈ એવી કઠોર માતા હશે જે ખૂબ જ સહજ ભાવે રજા આપે! સમાજની ટીકા વહોરીને, વૈધવ્યના દુઃખને ગૌણ ગણીને, પોતાનું શું થશે એ પણ વિચાર્યા વિના, પૂ. માતાજીએ પોતાના વ્હાલસોયા એકના એક પુત્રરત્નને હિમાલય જવાની રજા આપી. પૂ. માતાજીની એ ઉદારતાથી આજે ગુજરાતને એક સર્વશ્રેષ્ઠ સંતશ્રી યોગેશ્વરજીની અણમોલ ભેટ મળી. ધન્ય છે એ માતાને.

અનેક વિપત્તિઓ વેઠીને પૂ. માતાજી પૂ. શ્રી યોગેશ્વરજીની હિમાલયની આકરી સાધનાનાં પ્રત્યક્ષ સાક્ષી બન્યાં. પૂ. શ્રીનું હિમાલયના ઘોર જંગલોમાં ઘણાં વરસો સુધી મૌનવ્રત ચાલ્યું ત્યારે એ એકાંત જંગલમાં પૂ.શ્રી ની સાથે ફક્ત પૂ. માતાજી જ હતાં. ત્યારે તો પૂ માતાજીની પણ આકરી કસોટી થઈ. એજ રીતે પૂ. શ્રીના અવાર નવાર થયેલા પાણી ઉપર-ના કષ્ટપ્રદ ઉપવાસો ચાલતા હોય ત્યારે પણ એવી તપશ્ચર્યાને



હસતે મુખે સહકાર આપીને પૂ. માતાજીએ પણ સાચે જ તપશ્ચર્યા જ કરી છે.

ભરયુવાનીમાં વૈધવ્યનું દુઃખ વેઠીને. પોતાનાં ઘરડાં આંધળાં સાસુની સેવા કરીને. નાનામોટા અનેક કામો કરીને, પોતે પવિત્ર શુદ્ધ જીવન જીવીને કપરો કાળ પણ પસાર કર્યો. પવિત્રતાની , ચારિત્ર્યતાની, ભારતીય પરંપરાની પ્રણાલિકા પ્રમાણે માતાજીએ પોતાનું જીવન નિષ્કલંક રીતે પસાર કર્યું.

ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં જેમ પૂ. માતાજી વિરલ છે તેમ સંતોની પરંપરામાં માતૃભક્ત મહાત્મા તરીકે પૂ. યોગેશ્વરજી પણ વિરલ જ છે. માતાએ પોતાના ત્યાગી જીવનમાં સહકાર આપ્યો તો પૂ. શ્રીએ પણ એ પવિત્ર આદર્શ માતાને સુયોગ્ય સાનુકૂળ સમયે પોતાની સાથે જ રાખ્યાં. પોતાને ખાતર જે માતાએ અનેક કષ્ટો વેઠ્યાં તે માતાને દેશના કોઈપણ ખુણામાં જવાનું હોય કે વિદેશની ભૂમિ ઉપર જવાનું હોય ત્યારે પણ પૂ.શ્રીની સાથે જ રહેવાનું સદ્દભાગ્ય સાંપડયું. તેનું કારણ એ મહાપુરુષની જન્મજાત માતૃભક્તિ જ છે. ઈંગ્લેન્ડ, અમેરિકા અને કેનેડાના પ્રવાસમાં વિદેશની ભૂમિ ઉપર પોતાની માતા સાથે ભારતથી જનારા સંતપુરુષોમાંના પૂ. શ્રી યોગેશ્વરજી જ સૌ પ્રથમ હતા.

ઈ. સ. ૧૯૭૮માં અમેરિકા જતી વખતે તો માતાજીની તબિયત તદ્દન પ્રતિકૂળ હતી. ડોકટરોએ એમને પરદેશ પ્રવાસની સ્પષ્ટ શબ્દોમાં ના પાડેલી. તો પણ પૂ. શ્રી એમને ઈશ્વરની પ્રેરણામાં અચળ વિશ્વાસ રાખીને પોતાની સાથે જ લઈ ગયેલા અને ચાર મહિનાથી વધારે વિસ્તરાયલાએ પ્રવાસ દરમ્યાન એમને કોઈપણ પ્રકારની શારીરિક તકલીફ નહોતી પડી, ઉલટું તેમનું શરીર સ્વસ્થ અને સારું રહેલું. મુસાફરીમાં પણ પૂ. માતાજીને સહેજ પણ અગવડ ન પડે તેનું પૂ. શ્રી

હંમેશા ધ્યાન રાખતા. દેશ કે પરદેશમાં જ્યાં જ્યાં જવાનું થાય ત્યાં ત્યાં પૂ. માતાજી માટે ડોકટરોની શ્રેષ્ઠ સારવારની સગવડ તેઓ કરે છે. પ્રવચનોના આમંત્રણમાં કદાચ એવી શરત આવે કે તમારી સાથે કોઈ સ્ત્રી સભ્ય ન ઉતરી શકે તો તે પ્રવચનને માતાજીને ખાતર પૂ. શ્રી રદ કરે છે. એવી એમની માતૃભક્તિની કસોટી કરે એવા એક બે પ્રસંગો જાણી લઈએ.

ચારેક વરસ ઉપર અમદાવાદમાં એક નામાંકિત આશ્રમમાં પૂ. શ્રીના પ્રવચનોના કાર્યક્રમની વ્યવસ્થા થઈ. પરંતુ આશ્રમના વ્યવસ્થાપકે કહ્યું કે તમારી સાથે કોઈપણ સ્ત્રી સભ્ય–માતાજી પણ નહીં રહી શકે. પૂ. શ્રીએ એમની માંગણીનો સ્વીકાર કરવાને બદલે પ્રવચનો કરવાની ના પાડી.

ઈ. સ. ૧૯૭૭ ના ઈંગ્લેન્ડના પ્રવાસ દરમ્યાન પણ એવું જ બનેલું. એમના પ્રવચનથી મુગ્ધ બનીને એક ભાઈએ લંડનમાં એમની પાસે પહોંચીને એમને યુરોપના દેશોમાં પ્રવચનો કરવા માટેનું આમંત્રણ આપ્યું. એ આમંત્રણ પૂ. શ્રી એ સહર્ષ સ્વીકાર્યું. પરંતુ અઠવાડિયા પછી એ સદ્‌ગૃહસ્થે આવીને જણાવ્યું કે પ્રવાસ દરમ્યાન જ્યાં જ્યાં ઉતરવાનું થશે ત્યાં ત્યાં ખ્રિસ્તી મઠોમાં પૂ. માતાજીને નહીં ઉતારી શકાય, માટે એમને ભારત મોકલી દો અથવા લંડનમાં જ રાખવાની વ્યવસ્થા કરો. પૂ. શ્રીએ એ સદ્‌ગૃહસ્થને તરત જ જણાવ્યું કે માતાજી મારી સાથે જ આવ્યાં છે ને રહે છે. એમને મારાથી મોકલી શકાશે નહીં, એમને રહેવાની વ્યવસ્થા ના થવાની હોય તો હું પણ નહીં આવું. મને પ્રવાસ તથા પ્રવચનનો મોહ નથી અને એમણે અઢી મહિનાના સમગ્ર પ્રવાસનો અસ્વીકાર કર્યો.

ઈ. સ. ૧૯૭૯ ના જૂનમાં પૂ. શ્રી મસૂરી જતા હતા ત્યાં માર્ગમાં જ પૂ. માતાજી લકવાનો ભોગ બન્યાં, તો દહે-



રાદુન અને મસૂરીમાં તાત્કાલિક સર્વશ્રેષ્ઠ ડોકટરોની સારવાર અપાવી ને પૂ. માતાજીની અંગત સેવા, જેવી કે માતાજીને સ્નાન કરાવવું, કપડાં પહેરાવવાં, રસોઈ બનાવી આપવી, ભોજન ને દવા આપવી વગેરે બધાં જ કામો કોઈ ભકત કે સેવક પાસે ના કરાવતાં પૂ. શ્રીએ પોતે જ ખૂબ પ્રેમથી ઉપાડી લીધાં, એવી છે એમની સેવાવૃત્તિ. હજી તો હમણાં જ પૂ. શ્રી માંદગીના બિછાનેથી ઊઠીને અમદાવાદમાં આરામ માટે રહેલા ત્યારે પણ પૂ. માતાજીની તબિયત અસ્વસ્થ છે એમ જાણતાં જ તે જ દિવસે શક્તિનાં ઈંજેકશનો મંગાવીને પૂ. માતાજીને પહોંચાડયાં. પોતે માંદગીના બિછાનેથી પણ સેવા કરવાનું ચૂકતા નથી.

પોતાની માતાને સાથે રાખીને પૂ. શ્રી યોગેશ્વરજીએ આધ્યાત્મિક ઈતિહાસના સુવર્ણ શિખરો સર કર્યાં. તો પૂ. માતાજીના તપઃપુત જીવનમાં ભગવાન રામના દિવ્યદર્શન કરવાનું સદ્‌ભાગ્ય મળ્યું. જેથી પૂ. માતાજી પણ પૂજ્યશ્રીનું સાન્નિધ્ય પામીને જીવનની સર્વોત્તમ શાંતિને પામી શકયાં.

પૂ. માતાજીના પ્રેમાળ વ્યક્તિત્વનો પરિચય પ્રાપ્ત કરવાનું સદ્‌ભાગ્ય મને પણ ઈશ્વરની કૃપાથી મળ્યું છે.

ઈ. સ. ૧૯૭૪ માં પૂ.શ્રી ના વડોદરામાં પ્રવચનો હતાં ત્યારે મારે પૂ.શ્રી ના દર્શને જવાનું બન્યું. પાછા ફરતી વખતે વાતચીત ઉપરથી પૂ. માતાજીને ખબર પડી કે વડોદરામાં મારે જે માર્કેટમાં કામ માટે જવાનું છે તે મેં જોઈ નથી. એટલે તરત જ પૂ. માતાજીએ અમારી સાથે માર્કેટ સુધી મૂકવા આવવાની ઈચ્છા બતાવી. અમે ખૂબ ના પાડી તો પણ વિશ્વવંદ્ય ઉદ્યાનના રહેઠાણથી દૂર બહાર રોડ સુધી તો મૂકવા આવ્યાં જ. કેવો પવિત્ર નિસ્વાર્થ પ્રેમ!

એ જ રીતે ઈ. સ. ૧૯૭૬ માં પૂ. શ્રી ના નડિયાદમાં પ્રવચનો ચાલતાં હતાં ત્યાં મારે દર્શન કરવા જવાનું બન્યું. મારી સાથે બીજી ત્રણ બેનો પણ હતી. અમે સાંજે મુલાકાતના સમયે જ પહોંચ્યા, એટલે તરત જ અમને બાજુના રૂમમાં પૂ. માતાજી લઈ ગયાં અને હોળીના તહેવારનો મમરા, ધાણી ને મીઠાઈનો પ્રસાદ ધરાઈને ખવડાવ્યો. એક અન્નપૂર્ણા રૂપે થયેલું પૂ. માતાજીનું એ દર્શન આજે પણ એવું જ તાજુ છે.

ઈ. સ. ૧૯૭૭ના ડિસે.માં પૂ. શ્રી ના સુરતમાં પ્રવચન હતાં ત્યારે સનાતનહોલના માળ ઉપર પૂ. માતાજીના પોતાના હિમાલયના અનુભવો તેઓના જ મુખે સાંભળવાનું સદ્ભાગ્ય મારા વડીલ બેનો શ્રી વીણાબેન અને શ્રી નિરંજના બેનની સાથે મળ્યું હતું. એને મારું અહોભાગ્ય સમજુ છું.

પૂ. શ્રી યોગેશ્વરજીએ પોતાની આત્મકથા પ્રકાશને પંથે માં પાના નં. ૯૨૨ ઉપર પૂ. માતાજીને સુંદર અંજલિ આપતાં લખ્યું છે તે જરા નોંધી લઈએ.

"ગુજરાતી ચાર ચોપડી જેટલું ભણતર, જુવાનીની શરૂઆતમાં ભાતભાતના સંકટ ને દુઃખ તથા સંસારના તડકા છાયડાના ખાટા મીઠા અનુભવો: તેમના જીવનમાં એવી મહત્ત્વની વસ્તુ હોવા છતાં તેમનામાં ઈશ્વરપ્રેમ, સંતસેવાની ભાવના ને ધર્માનુરાગ બાળપણથી જ છે. તેમની માતામાં પણ એ મૂડી હતી. જૂના સંસ્કાર ને વિચારને શુદ્ધ કરી. મારી સાથે રહીને મારા માર્ગને સમજવાનું કામ તેમને માટે કઠિન હતું. પણ તે કામ તેમને માટે ઈશ્વરની અપાર કૃપાથી સરળ બન્યું એ વાત ખાસ નોંધવા જેવી છે.

સંસારના જુદા જુદા જીવોના સંયોગ ઋણાનુબંધથી થાય છે તે જ કારણોથી પૂ. માતાજી મારી સાથે ઋણાનુબંધથી રહે છે. તેમાં મને આનંદ છે. ઈશ્વર જે વખતે જે વ્યવસ્થા કરે છે તે સારી જ હોય છે. જીવનના છેલ્લા વરસોમાં તેમને



શાંતિ મળે ને છેવટે ઈશ્વરની કૃપાનો અનુભવ કરીને તે જીવનની ધન્યતા પણ અનુભવે તેમ ઈચ્છું છું."

આધ્યાત્મિક ક્ષેત્રે આવાં વિરલ માતાજી અને અત્યંત વિરલ એવા પૂ. શ્રી યોગેશ્વરજીની માતાપુત્રની જોડીને આપણા અંતરના કોટિ કોટિ પ્રણામ હો.

ત્યાગ, તપ, પ્રેમ અને પવિત્રતાની મૂર્તિ સમા પૂ. માતાજીને પરમકૃપાળુ પરમાત્મા સ્વસ્થ રાખીને લાંબુ જીવન આપે એવી પ્રાર્થના છે. ઘણા ઓછા સાધકોને ખબર હશે કે પૂ. શ્રી યોગેશ્વરજીએ પોતાની હંમેશની ટેવ પ્રમાણે પરમશક્તિની પ્રેરણાને અનુસરીને પૂ. માતાજીનું નામ માતા જ્યોતિર્મયી રાખેલું છે. એમના એ અભિનવ નામાભિધાન પ્રમાણે એમનું સમસ્ત જીવન ખરેખર જ્યોતિર્મય રહ્યું છે. એમને સંસારનો અવિદ્યારૂપી અંધકાર અડી શક્યો નથી.

ઈશ્વરની કરુણાનો એકવાર અનુભવ કર્યા પછી સાધકની ઈશ્વર પરની શ્રદ્ધા ખૂબ જ વધી જાય છે. એટલે ઈશ્વરની કરુણાનો અનુભવ કરવા ખરા દિલથી એકવાર તો એનો આશ્રય લઈ જુઓ. પછી જુઓ, જીવન કેવું રસમય બની જાય છે. !

—શ્રી યોગેશ્વરજી

કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ
શાંતિભાઈ કનેરીયા
ઓઈલ એન્જીનના ઉત્પાદકો
ઢેબર રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧
ફોન નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭



# કૃપા વરસી ગઈ

★

મણિભાઈ શાહ

આજ મને સાંભરે છે રહી રહી.
પાયરજ લેવાની રહી ગઈ.
કરુણાનિકેતન કોમળ કંઠે વાર્તા વાંચતા બહુ,
હોંશે હોંશે અમે ટોળે મળીને સાંભળવા જાતા સહુ;
કરૂણા એમ કરી સ્પર્શી ગઈ,
કો'ને એમાં સાધના ક્યાં મારી રહી? ...આજ૦

ઈસરાજ વાગે ને ગીત ગવાય ત્યારે કરતા'તા હેઈ હેઈ,
રંગે આવે તો વળી ઉતરી પડીને નાચતા'તા થેઈ થેઈ;
જોઈને ઉદાસી ચાલી ગઈ,
કો'ને એમાં સાધના ક્યાં મારી રહી? ...આજ૦

શંખ ફુંકાય ને ઉત્સવ દિને જ્યારે આવતા પુરોધા થઈ,
ધોળી દાઢીને લાંબા ઝભ્ભામાં બેસતા બાજોઠ લઈ;
ભક્તિ એમ કરી ભવ્યતાની થઈ,
કો'ને એમાં સાધના ક્યાં મારી રહી?
સાધના મેંથી નથી થઈ,
એમની કૃપા વરસી ગઈ. ...આજ૦



## મનની જાગૃતિ

નૈયા ઝુકાવી મેં તો, જોજે ડૂબી જાય ના
ઝાંખો ઝાંખો દીવો મારો, જોજે રે બુઝાય ના...(૧)

સ્વારથનું સંગીત ચારે કોર ગાજે,
કોઈ નથી કોઈનું દુનિયામાં આજે;
તનનો તંબુરો જોજે બેસુરો થાય ના,
ઝાંખો ઝાંખો દીવો મારો જોજે બુઝાય ના...(૨)

પાપ ને પુણ્યના ભેદ રે ભૂલાતા,
રાગ ને દ્વેષ આજે ઘેર ઘેર ઘુંટાતા;
જોજે આ જીવતરમાં ઝેર પ્રસરાય ના.
ઝાંખો ઝાંખો દીવો મારો જોજે રે બુઝાયના...(૩)

શ્રદ્ધાના દીવડાને જલતો તું રાખજે,
નિશદિન સ્નેહ કેરું તેલ એમાં નાખજે;
મનના મંદિરે જોજે અંધારું થાય ના.
ઝાંખો ઝાંખો દીવો મારો જોજે રે બુઝાય ના...(૪)

—પંડિત દેવેન્દ્રવિજયજી

★

## હરિ ના રાખે કોઈનું

એને ઉંબરે ધરી મેં મૂઠી ધાનની
એણે અભરે ભર્યા ભંડાર. ...હરિના રાખે કોઈનું

મેં તો મંદિર મૂક્યું કંપિત કોડિયું
એણે પેટાવી અંતર દીપમાળ. ...હરિ૦

ટાણે કટાણે ઘડીક મેં સંભારિયા
(એણે) નિશદિન સંભાર્યો સંસાર. ...હરિ૦

એને પાયે હું નમેલો મૂંગો અધ ઘડી
એ તો ખડે પગ ભવભવના આધાર. ...હરિ૦

— મુકુંદરાય પારાશર્ય

## વિરહ

લાગે છે દિલ મ્હારું દુનિયામહીં ન ક્યાંયે,
છોડી ચરણ તમારાં બીજે ન ક્યાંય જાયે.
...લાગે છે.

ચાખ્યો છે પ્રેમ લોચન લોચનમહીં મિલાવી,
લાગી લગન ગઈ તે ના શાંત કેમ થાયે.
...લાગે છે.

હૈયું મળ્યું છે હૈયે ને વાત કૈં કરી છે,
સ્મરણો બધાંય તાજાં, હરરોજ પુષ્ટ થાયે.
...લાગે છે.

આકાશ તેમ પૃથ્વી પાતાળમાં ભલેને,
વિચરું વસુ છતાંયે કામણ મટે ન ક્યાંયે,
...લાગે છે.

હરદમ રહે છે આંખો આંખો ને શ્વાસ શ્વાસે,
સ્મિતની છબી સલૂણી સ્મરણે રમે સદાયે.
...લાગે છે.

પાગલ પ્રસન્ન બનતાં શાશ્વત બની લો સાથી,
દિલની દવા તો થાયે, બીજો નથી ઉપાયે.
...લાગે છે.

— શ્રી યોગેશ્વરજી

❁



# સિદ્ધદર્શનનો સ્વાનુભવ

—શ્રી યોગેશ્વરજી

હિમાલયમાં પુરાણ પ્રસિદ્ધ ઉત્તરાખંડના મહત્વનાં ચાર ધામ મનાય છેઃ બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને જમનોત્રી. એ ચાર ધામમાં બદરીનાથનો મહિમા વધારે વખણાય છે. એ મહિમા શ્રવણથી મંત્રમુગ્ધ બની, આકર્ષાઈ, અથવા ગુણાનુરાગી થઈને અસંખ્ય પ્રવાસીઓ બદરીનાથની પુણ્ય ભૂમિના પ્રવાસે આવે છે. એમની અંદર આધ્યાત્મક અભિરુચિવાળા આત્માઓ પણ હોય છે. એ આધ્યાત્મિક ભાવનાથી અનુપ્રાણિત બનીને બદરીનાથની યાત્રા કરે છે. એમને બદરીનાથના પુણ્ય પ્રદેશનું પ્રાકૃતિક સૌન્દર્ય એટલું બધું નથી આકર્ષતું. એના એકાંત વિશુદ્ધ વાયુમંડળનો અને એની શાંતિનો પ્રભાવ પણ એમની ઉપર એટલો બધો નથી પડતો. એમનો અંતરાત્મા તો ત્યાંના લોકોત્તર વિશદ વાતાવરણનો લાભ ઉઠાવીને આધ્યાત્મિક અનુભવોથી અલંકૃત થવાની અને એવા અનુભવ સંપન્ન મહાપુરુષોનો દર્શન લાભ મેળવવાની ઇચ્છા રાખે છે. એમની ઇચ્છા કદી કદી પૂરી થાય છે. બદરીનાથના પુણ્ય પ્રદેશમાં આજે પણ અસાધારણ શક્તિ સંપન્ન પ્રાતઃસ્મરણીય મહાત્માપુરુષો વાસ કરે છે, પરંતુ એમના દૈવી દર્શનનો લાભ સૌ કોઈને નથી મળતો. કોઈક સાધનાસંપન્ન સંસ્કારી આત્માઓને એ પોતે જ કૃપા કરીને કોઈ ધન્ય સમયે દર્શન આપે છે ત્યારે જ એમના અલૌકિક અસ્તિત્વની પ્રતીતિ થાય છે.

એવી અનુભવાત્મક પ્રતીતિવાળા એક સંતપુરુષનો મેળાપ મને થોડાક વખત પહેલાં જ થઈ ગયો. એ સંતપુરુષ ભારતના ભિન્નભિન્ન ભાગોમાં વિચરણ કરતા. એ મને

મુંબઈમાં મળેલા. એમણે વર્ણવેલો એમનો સ્વાનુભવ એમના પોતાના જ શબ્દોમાં કહી બતાવું.

બદરીનાથની યાત્રા દરમિયાન કોઈ મહાપ્રતાપી મહાપુરુષના મેળાપનો મનોરથ મારા મનમાં પેદા થયેલો. બદરીનાથમાં અલકનંદા નદીની પેલી તરફ આવેલી બાબા કાલી કમલીવાળાની કુટિરોમાંની એક કુટિરમાં મેં રહેવા માંડ્યું. એ કુટિર પ્રમાણમાં નાની છતાં પણ સ્વચ્છ અને સુંદર હતી. એની આગળ પાછળ ઊંચાઊંચા હિમાચ્છાદિત નરનારાયણ પર્વતો હતા. મને થતું કે "એ પર્વતોમાં કેટલાય સિદ્ધિ પ્રાપ્ત સ્વનામધન્ય સત્પુરુષો સાધનામગ્ન દશામાં વસતા હશે, એમનો કદીકાળ અભાવ નહિ હોય, પરંતુ એમનું દર્શન કોઈક વિરલ પુરુષને જ થતું હશે. મને એમનામાંથી કોઈ સત્પુરુષના દર્શનનો લાભ મળે તો કેટલું સારું ? મારા પર એમનો અનુગ્રહ થાય તો કેટલો બધો આનંદ આવે ? મારી બદરીનાથની યાત્રા સાર્થક થાય. જીવન ધન્ય બને."

બદરીનાથમાં તપ્તકુંડ, મંદિર, ચરણપાદુકા, વ્યાસાશ્રમ જેવાં સુંદર સુપ્રસિદ્ધ સ્થળોમાં ફરતી વખતે કોઈ અસાધારણ મહાત્માપુરુષનો મેળાપ થાય તો તેને માટે હું પ્રયાસ કરતો. ત્યાંના પંડાઓને પૂછતો પણ ખરો. પરંતુ જોઈએ તેવો સંતોષ નહોતો મળતો. બદરીનાથમાં મહાત્માઓ તો અનેક હતા, કિન્તુ કોઈ વિશિષ્ટ વિભૂતિનું દર્શન નહોતું થતું. મંદિરમાં જઈને એવા દર્શન માટે હું રોજ પ્રાર્થના કરતો. કોઈ કોઈવાર એમ પણ થતું કે આ ઘોર કિલ્મિષથી ભરેલા કલિકાળમાં કદાચ એવા લોકોત્તર મહાત્માપુરુષો નહિ હોય અથવા હશે તો અદૃષ્ટ રીતે રહેતા હશે. કોઈને દર્શન આપતા નહિ હોય. પરંતુ મન એવું માનવા કે એટલું બધું નિરાશ બનવા તૈયાર નહોતું થતું. અંતઃકરણ ઊંડેઊંડે પ્રાર્થના



કરતું કે મારો સિદ્ધ દર્શનનો મનોરથ પૂરો થાય તો સારું. મારી યાત્રા સફળ થાય ને શ્રદ્ધા બળવાન બને.

બદરીનાથમાં એક વિચિત્ર દેખાતી પગલી જેવી સ્ત્રીને જોઈ. એ જ્યાં ત્યાં ફર્યા કરતી. એને પોતાનાં વસ્ત્રોનું ભાન નહોતું રહેતું. કોઈ કોઈવાર એ શ્યામવર્ણની, પ્રૌઢાવસ્થાએ પહોંચેલી, બેડોળ જેવી દેખાતી સ્ત્રી તપ્તકુંડ પર પડી રહેતી. લોકો એની મશ્કરી પણ કરતા. કોઈવાર બપોરે એ તપ્તકુંડ પર સુઈ રહેતી. કોઈક યાત્રી એને ખાવાનું આપતા તો એ ગ્રહણ કરતી. બાકી એ શું ખાતી, ક્યાંથી આવેલી, શું કરતી, તેની કોઈને કશી માહિતી ન હતી. મને થતું કે મોંઘા મનુષ્યશરીરને મેળવીને આ પગલી સ્ત્રીએ એને બરબાદ કર્યું છે. એનું જીવન કોઈ પણ પ્રકારના વિશેષ પ્રયોજન વિના વ્યર્થ જ વહી રહ્યું છે. આવી ભ્રમિત દશામાં ભમતી પગલી સ્ત્રીઓ સંસારમાં કેટલી હશે ? મને એની દયા આવતી. વિખરાયલા મેલા વાળવાળી એ પગલી સ્ત્રી મને મળતી ત્યારે કોઈવાર બબડતી, પરંતુ હું એને સ્વાભાવિક રીતે જ કશું મહત્ત્વ ના આપતો અને એના પ્રત્યે આછોપાતળો દૃષ્ટિપાત કરીને કાંઈક અવજ્ઞાભાવે આગળ વધતો.

બદરીનાથના પવિત્ર પુણ્યપ્રદેશમાં રહેતાં ને શક્તિ પ્રમાણે સાધના કરતાં એકાદ માસ વીતી ગયો. મારે નીકળવાનો દિવસ પાસે આવ્યો. મારા મનોરથની પૂર્તિ ના થવાથી મન સહેજ ઉદાસ બનવા લાગ્યું. એ અવસ્થામાં એક દિવસ મારા નિયમ પ્રમાણે વહેલી સવારે સહેજ અંધારામાં હું તપ્તકુંડ પર સ્નાન કરવા માટે ગયો. માર્ગમાં પાતાળગંગા અને અલકનંદાના સંગમસ્થળ આગળ આવ્યો ત્યારે હજુ આજુબાજુ સર્વત્ર અંધકાર છવાયેલો. અચાનક મારી આગળ પ્રકાશ પથરાયો. પ્રકાશના એ વર્તુળમાં મેં જોયું તો કોઈક મહાપ્રતાપી, પરમપ્રકાશમય શરીરવાળા, કેવળ કૌપીનધારી

દિવ્ય મહાત્માપુરુષ મારી સામે વિરાજેલા. એમણે પદ્માસન વાળેલું. એમની આંખ બંધ હતી. એ ઉંડી સમાધિમાં લીન બનેલા. એમના મુખમંડળ પર અસીમ શાંતિ પથરાયલી. એમનુ શરીર પૃથ્વીથી ઉપર ઉર્ધ્વ અવકાશમાં સ્થિત હતું. એમના દર્શનથી મને આનંદ થયો. આશ્ચર્ય પણ થયું. એમની સામે ઉભા રહીને મેં એમને પૂજ્યભાવે પ્રણામ કર્યા. મને થયું કે ભગવાન બદરીવિશાલની કૃપાથી સિદ્ધદર્શનની મારી અભિલાષા આજે પૂરી થઈ, મારી આંખમાં આનંદાશ્રુ આવ્યાં. એ જ વખતે એ મહાત્માપુરુષની અલૌકિક આકૃતિ આજુબાજુના વાયુમંડળમાં વિલીન બની ગઈ. એને ઠેકાણે અંધકારના ઓળા પથરાયા.

મારા અંતરમાં કેટલો બધો અસાધારણ અવર્ણનીય આનંદ છવાયો હશે તેની કલ્પના તમે સહેલાઇથી કરી શકશો. મને જે જોઈતું'તું તે મળી ગયું. સિદ્ધ મહાપુરુષની સાથે કોઈ પ્રકારની વાતચીત કરવાનું સૌભાગ્ય નહોતું સાંપડ્યું તોપણ એમનું દર્શન થયેલું એ ભાગ્ય પણ કાંઈ જેવું તેવું નહોતું. એ દર્શન કલ્યાણકારક અને શાંતિપ્રદાયક હતું.

દર્શનના આનંદને અનુભવતો હું તપ્તકુંડ તરફ ચાલી નીકળ્યો, ભુખ્યાંને ભોજન તથા તરસ્યાંને પાણી મળતાં જે સંતોષ સાંપડે તેથી પણ વિશેષ સંતોષ મને સાંપડી ચૂકેલો. ઈશ્વરનું નામસ્મરણ કરતાં કરતાં છેક તપ્તકુંડ પર આવી પહોંચ્યો ત્યારે ત્યાં પેલી પગલી સ્ત્રીને આંટા મારતી જોઈ. મને જોઈને એ કોઈવાર કશું નહોતી બોલતી. પરંતુ એ દિવસે એને કોણ જાણે શું થયું કે એ મને જોતાવેંત જ ભાવવિભોર બનીને અતિશય ઉલ્લાસપૂર્વક બોલી ઊઠી : "સિદ્ધોનું દર્શન! કરવું'તું નેસિદ્ધોનું દર્શન? થઈ ગયું સિદ્ધોનું દર્શન, સિદ્ધોનું દર્શન!"



એના શબ્દોને સાંભળીને મને ખૂબ જ નવાઈ લાગી! મને થયું કે મને થયેલા સિદ્ધદર્શનની વાત આ પગલી સ્ત્રીએ કેવી રીતે જાણી? પરંતુ મારી નવાઈની પરવા કર્યા વિના સિદ્ધોનું દર્શન! સિદ્ધોનું દર્શન! બોલતી એ સ્ત્રી બદરીનાથના મંદિર તરફ આગળ વધી.

તપ્તકુંડના ઉકળતા પાણીમાં સ્નાન કરવા માટે કેટલાક બીજા ભક્તો પણ આવી પહોંચ્યા. સ્નાનાદિથી પરવારીને તપ્તકુંડ પર બેસીને એ આખીય ઘટનાને હું યાદ કરવા લાગ્યો. સ્મૃતિનો પણ એક આગવો અનોખો આનંદ હોય છે. થોડીવારમાં બધે અજવાળું થયું. મને લાગ્યું કે પેલી પગલી સ્ત્રી ખરેખર પગલી નથી. એ પગલી હોવાનો અભિનય કરે છે. એ કોઈ સિદ્ધાવસ્થાએ પહોંચેલી સાધ્વી કે કૃતકામ જીવનમુક્ત યોગિની છે.

એના દર્શન માટે મેં કોશિશ કરી જોઈ કિન્તુ એ કોશિશ નિષ્ફળ ગઈ. એનો લાભ મારાથી લઈ શકાયો નહિ એટલો વસવસો રહી ગયો.

એ દિવસે બપોરે બદરીનાથની પુણ્યભૂમિની મેં વિદાય લીધી ત્યારે મારું અંતર આર્દ્ર બની ગયું. મને અનુભવવા મળ્યું કે એ ભૂમિ સિદ્ધવિહોણી નથી. એવો સિદ્ધદર્શનનો અનુભવ આજે પણ, કોઈ પણ કરી શકે છે.

❋

# પ્રશ્નોત્તરી

શ્રી યોગેશ્વરજી

પ્રશ્ન : ધ્યાનમાં મન સંકલ્પો રહિત બને તે માટે શું કરવું ?

ઉત્તર : મનને સંપૂર્ણપણે સંકલ્પ રહિત કરવાનું કામ ઘણું મુશ્કેલ છે. ધ્યાનની સાધનામાં ખૂબ આગળ વધ્યા પછી જ એ અવસ્થા સાધ્ય બને છે. પરંતુ તે અવસ્થાએ પહોંચીએ, તે પહેલાં જીવનને વધુ ને વધુ સારું, પવિત્ર ને સાધનામય કરવાના શુભ સંકલ્પો તો કરતા રહેવું જોઈએ.

એક જાણીતી અંગ્રેજી કહેવત છે, 'As you think, so you become' "જેવું તમે વિચારશો, તેવા તમે થશો." આ વાત તદ્દન સાચી છે. એમાં એક વાતનો સ્વીકાર કરવામાં આવ્યો છે કે સંકલ્પ એ શક્તિ છે. પરિણામે શુભ સંકલ્પો વડે પેદા થતી શક્તિ, માણસને ઉચ્ચ જીવનના માર્ગે આગળ લઈ જવામાં ખૂબ મદદરૂપ થાય છે.

વળી મનને એકદમ સંકલ્પરહિત કરવું અઘરું છે, પરંતુ તેનામાં ખરાબ સંકલ્પો કે વિચારોને સ્થાને શુભ સંકલ્પો જગાવવાનું પ્રમાણમાં સહેલું છે. એમાં માત્ર એક ખરાબ વસ્તુ દૂર કરી, આપણે માત્ર સારી વસ્તુ મૂકવાનો પ્રયત્ન કરીએ છીએ એટલું જ.

આ માટે તમારામાં થોડું જ્ઞાન અને વિવેક જોઈશે. કયા સંકલ્પો આત્મવિકાસમાં બાધક છે તે શોધી કાઢો, તેમને દૂર કરવા પ્રયત્ન કરવો પડશે. સાથે સાથે કયા સંકલ્પો શુભ છે, તેનો નિર્ણય કરી જીવનમાં એમને ચરિતાર્થ કરવા પ્રયત્નશીલ થવું પડશે. આમ તમારા આત્મવિકાસની પ્રક્રિયામાં વેગ આવશે. પ્રતિરોધક બળો દૂર થતાં અને શુભ સંકલ્પોનો સથવારો સાંપડતાં, આત્મનિરીક્ષણ દ્વારા જીવનમાં ઉન્નતિના માર્ગે આગળ વધતી તમારી જાતને તમે પોતે પણ જોઈ શકશો. આ માટે આત્મનિરીક્ષણની ટેવ ઘણી મદદરૂપ થશે.



એટલે મારી દૃષ્ટિએ મનને સંકલ્પ રહિત કરવા કરતાં કલ્યાણમય સંકલ્પોથી સભર કરવું સારું છે. રુદ્રાભિષેકના પ્રથમ અધ્યાયમાં જે શ્લોકો છે તેમાં **तन्मे मनः शिवसंकल्पमस्तु** "મારું મન કલ્યાણકારી સંકલ્પોવાળું થાઓ" એવી અભિલાષા વ્યક્ત કરવામાં આવી છે, એ યથાર્થ જ છે. માણસના સકળ જીવનનો આધારસ્થંભ મન જ છે. જો મન સારું તો જીવન સારું. જો મન બગડ્યું તો જીવન બગડી ગયું જ સમજજો. આ મનમાં સંકલ્પ–વિકલ્પના પરપોટા ઊઠ્યા જ કરે છે. એટલે જીવન છે ત્યાં સુધી સંકલ્પો તો રહેવાના જ. એ ખરું છે કે સમાધિમાં આરૂઢ થયા પછી મનનું એટલું બધું રૂપાંતર થઈ જાય છે કે એમાં સંકલ્પ–વિકલ્પોના પરપોટા ઉઠતા જ નથી. અથવા જો કોઈ સંકલ્પો ઊઠે તો તે શુભ જ હોય છે. મન એટલું બધું પવિત્ર અને શુદ્ધ થઈ ગયું હોય છે. આ સ્થિતિ ખૂબ જ આગળ વધેલા સમાધિનિષ્ઠ પુરુષની હોય છે.

પ્રશ્ન : આપે ભગવાં વસ્ત્રો કેમ પહેર્યાં નથી ! શું એ વસ્ત્રો ધારણ કરવાં તે આપની દૃષ્ટિએ સારું નથી ?

ઉત્તર : તમારો પ્રશ્ન સારો છે. પરંતુ તે વ્યક્તિગત પણ છે. એથી એ સંબંધેનો મારો અભિપ્રાય વ્યક્તિગત જ ગણવો. બીજાઓ એ સાથે સંમત ન થાય તો મને વાંધો નથી.

સંન્યાસ લીધા પછી ભગવાં વસ્ત્રો ધારણ કરવા પાછળનો મુખ્ય હેતુ સંન્યાસીને જ્ઞાનની ભૂમિકામાં નિત્ય પ્રતિષ્ઠિત કરવાનો છે. ભગવો રંગ–અગ્નિજ્વાળાનો સૂચક છે. અગ્નિમાં સર્વ કાંઈ સ્વાહા કરી જવાની શક્તિ છે. એ દ્વારા જગતની વિનાશિતા અને જ્ઞાનની અગ્નિજ્યોતમાં નિત્ય પ્રતિષ્ઠાની સતત યાદ ( સન્યાસી જો જાગૃત હોય તો ) તેને નિત્ય મળતી રહે છે.

પરંતુ સન્યાસ એ પણ એક આશ્રમ છે. એનું સાત્ત્વિક અભિમાન દીક્ષા લેનારાઓને પણ છોડતું નથી. એટલે સાચી

રીતે તો એનાથી પણ પર થવાનું છે; ઉપર ઊઠવાનું છે.
ગીતામાં એટલા માટે જ ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું છે કે,
**त्रैगुण्या विषया वेदाः नैष्यत्रैगुण्यो भवार्जुन।** એ જ પ્રમાણે
ચાર આશ્રમોથી પણ પર થવાનું છે. જેનું યથાર્થ નિરુપણ
કંઈક અંશે 'પરમહંસ' શબ્દમાં અભિવ્યક્ત થાય છે.

આથી જ મેં કોઈ આશ્રમનું બાહ્ય ચિહ્ન રાખવાને
બદલે કેવળ સાદાં સફેદ વસ્ત્રો રાખ્યાં છે મેં એકવાર રાખેલ
દાઢીને પણ જગદંબાની ઇચ્છાનુસાર દૂર કરી દીધી. આવું
બાહ્ય ચિહ્ન એક વાર રાખ્યા પછી કાઢી નાખવામાં ઘણું
મોટું મનોબળ જોઈએ છે, કારણકે સામાન્ય લોકો મહાત્માની
કક્ષા કે સ્થિતિનું મૂલ્યાંકન આવાં બાહ્ય ચિહ્નો ઉપરથી જ
કરતા હોય છે. મારું મન કોઈ પણ પ્રકારના વાડા કે સંપ્ર-
દાય, રૂઢિ કે પરંપરામાં બદ્ધ થવાની વિરૂદ્ધ છે. સાચો સંત
આ બાહ્ય ચિહ્નો કે વસ્ત્રોને મહત્ત્વ આપવાને બદલે, મનને
સતત પ્રભુ સાથે જોડેલું રાખવામાં, ને ઈશ્વરની ઇચ્છા પ્રમાણે
વશવર્તી ચાલવામાં જ ધન્યતા માને છે. પછી ભલે લોકોને,
તેનું આવું વર્તન કે જીવન ગમે અગર ન ગમે. તેનો લોકો
આદર કરે અગર ન કરે. એ તો હંમેશ આત્મપ્રતિષ્ઠિત જ
રહે છે. બાહ્ય દુઃખો તેને વિચલિત કરી શકતાં નથી કે
ભૌતિક સમૃદ્ધિ તેને બહેકાવી શકતી નથી; કારણકે તેનું મન
માયાથી મોહિત થતું જ નથી. તે તો કેવળ માયાપતિમાં જ
રમમાણ કરતું રહે છે. એટલે જ ગંગાસતીએ સાચું જ કહ્યું
છે કે :

મેરૂ ડગે જેનાં મન ન ડગે,
ભલે ભાંગી પડે બ્રહ્માંડ.

એથી મારી વિવેક દૃષ્ટિ પ્રમાણે મને ઠીક લાગ્યું તેમ
સફેદ વસ્ત્રો જ મેં રાખ્યાં છે.

# ભાગવત્ મહિમા

શ્રી લાભુભાઈ ભટ્ટ

શ્રીમદ્ ભાગવત વ્યાસજીની સમાધિ ભાષા છે. ભારતીય
સાહિત્યનું ઉચ્ચતમ શિખર છે. કવિત્વ તેમાં ભારોભાર પડેલ
છે. મનુના વંશનો કડીબંધ ઇતિહાસ, ભક્તોના અમર ચરિતો-
ની ફૂલગુંથણી એ બધામાં સૂત્રરૂપે ભક્તિ (વિષ્ણુ ભક્તિ)
સઘન વસ્તુ ગુંથણી છે. રૂપક દૃષ્ટાંત વગેરેને સૂત્રરૂપે વણી
તે તાક્યું તીર મારે છે. ગાગરમાં સાગર ભરવાની કળા
એમની પાસે છે. પાસાં પાડેલ હીરા જેવી સુક્તિઓને કારણે
ભાગવતની વચનાવલિ, ભારોભાર મધુર લાગે છે. **स्वादु**
**स्वादु पदे पदे**, વર્ણ માધુર્ય અને અર્થ ગૌરવને ભાગવત
રસિક ભકતોનું કંઠાભરણ બને છે. સંસ્કૃતનું થોડુંક પણ જ્ઞાન
ધરાવનાર ભાવુક ભકત ભાગવતના શ્લોકો લલકાર્યા સિવાય
રહી શકે નહીં.

શ્રીમદ્ ભાગવતના અધિકારી વક્તા શ્રી શુકદેવજી ઘણા
રહસ્યપૂર્ણ છે. જન્મ્યા ત્યારેય ૧૬ વર્ષના હતા અને આજે
આવા યોગ વિદ્યાના મહાન વિદ્વાન થયા પછી પણ ૧૬ વર્ષ-
ના છે. તેમની ઉંમર વધતી જ નથી. સનતકુમારોની જેમ
તેઓ કાળથી પર છે, મૃત્યુંજય છે. તેમની પાસે દેશકાળ
નિરપેક્ષ એવી યોગદૃષ્ટિ છે.

શ્રી શુકદેવજી સૃષ્ટિના આરંભથી શરૂ કરીને ભવિષ્યમાં
આવનારી અનેક જાતિઓ અને પેઢીઓ સુધીનું આખું ચલ-
ચિત્ર પરીક્ષિતને દેખાડે છે. મિથ્યાનો સાક્ષાત્કાર થતાં પરી-
ક્ષિતના મનનું સમાધાન થઈ જાય છે. અને ભગવાનના
ચરણોમાં તેનું ચિત્ત ચોંટી જાય છે. તે કહે છે "હે કરુણા-
મય, હું અનુગૃહીત થયો છું, અભયને પામ્યો છું.

મૃત્યુની બીક હવે મને નથી, બધે ભગવાનને જ જોઉં
છું. સંસારની માયારૂપી સર્પથી દંશાયેલા મારો અજ્ઞાનાંધ-
કાર શ્રીમદ્ ભાગવતના શ્રવણે કરીને દૂર થયો છે." આવો
છે શ્રીમદ્ ભાગવતનો મહિમા.

# શ્રી સાઈકૃપા [સત્ય ઘટના]

નારાયણ હ. જાની

[સમર્થ સંતોનો મહિમા તેઓના જીવનકાળ દરમ્યાન જ ફેલાય છે એવું નથી. એમના ભૌતિક દેહવિલય પછી પણ તેઓ એમના ભક્તોની શ્રદ્ધાભક્તિ પ્રમાણે સદૈવ સહાય કરતા રહે છે. એથી ઘણીવાર એવું પણ બને છે કે તેઓની હયાતી દરમ્યાન તેઓને માનનાર ને પૂજનાર લોકો કરતાં, તેઓની જીવન સંવરણ લીલા પછી પૂજનારો કે માનનારો વર્ગ અધિકાધિક થતો જાય છે. શિરડીના સંત શ્રી સાઈબાબા આવા જ એક સમર્થ સંત થઈ ગયા. એમનો મહિમા એમના જીવનકાળ દરમ્યાન જેટલો પ્રસરેલો હતો, તેના કરતાં ખૂબ ઘણો એમની હયાતિ બાદ આજે પ્રસરેલો દેખાય છે. એનું કારણ એમના ભક્તોને એમના તરફથી આજે પણ મળતી સહાય છે.

અહીં જે ઘટના રજુઆત પામી છે તે એક સત્ય ઘટના છે. અને તેનો હું પ્રત્યક્ષ સાક્ષી છું. શ્રદ્ધા ભક્તિ ધરાવનાર ભક્તોનાં મુશ્કેલ લાગતાં કામ તેઓ કેવી અલૌકિક રીતે કરે છે. તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. –તંત્રી]

નવેક વર્ષ પહેલાંની આ વાત છે. ઉનાળાના દિવસોની રજામાં હું મારા વતનમાં હતો. ઉનાળાની ગરમી બધે જ લાગે, તેમાંય ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં તો સવિશેષ, એટલે બપોરના ગાળામાં ભાગ્યે જ કોઈ ઘર બહાર નીકળે. બપોરના ત્રણેક વાગ્યાનો સમય હતો. હું સૂતો હતો ને એક બહેને આવી મારી જાળી ખખડાવી.

ઊભા થઈ મેં દરવાજો ખોલ્યો. તો આવનાર બહેને મારા હાથમાં પાંચેક પતાસાં આપ્યાં. મેં પૂછ્યું, "બહેન ખરે બપોરે આ પતાસાં વહેંચવાનું ક્યાંથી સૂઝ્યું?"



એણે હસીને કહ્યું. "કાકા બાબાની બાધા રાખી હતી. એમણે મારું કામ પૂરું કરી દીધું, પછી મારાથી બાધામાં વિલંબ થોડો કરાય!"

સાંભળીને મને આશ્ચર્ય થયું. મેં પૂછ્યું, "એવું તે તારું કયું કામ સાઈબાબાએ કરી દીધું? – વાંધો ન હોય તો અમનેય કહે."

મારી જિજ્ઞાસા જાણી તે હીંડોળા ઉપર બેઠી ને તેણે પોતાની વાત મને કહેવા માંડી.

"આજે સવારે દસેક વાગે હું કૂવા ઉપર લુગડાં ધોવા ગઈ હતી. તે વખતે, કૂવામાંથી પાણીની ડોલ ખેંચતાં, મારા મંગલસૂત્રનું લગભગ એકાદ તોલો સોનાનું પેંડલ છૂટું પડી કૂવામાં પડી ગયું.! કંઈક પડયું એવો અણસાર મને થયો, પરન્તુ શું પડયું તેનો મને તુરત ખ્યાલ ન આવ્યો. પાણીની ભરેલી બાલદી બહાર કાઢી રેડવા ગઈ તો મારું મંગલસૂત્ર ગળામાં ઝૂલવા લાગ્યું. પરન્તુ તેમાં પેંડલ ન હતું. મને તુરત જ ફાળ પડી કે મંગલસૂત્રનું મારું પેંડલ જ કૂવામાં પડી ગયું!

હવે શું થાય? મેં કઠોડા ઉપર ઝૂકીને કૂવામાં નજર કરી, તો મને પાણીમાં કંઈ ચળકતું જણાયું પણ ખરું આથી ખાત્રી થઈ કે કુવામાં જ મારૂં સોનાનું પેંડલ પડી ગયું છે.!

મારા સસરા પક્ષ તરફથી આપેલું એ મંગલસૂત્ર હતું. એટલે મનમાં બીક પણ લાગી! થયું કે એ લોકો વઢશે પણ ખરા. પરન્તુ કૂવામાંથી આ પેંડલ કાઢવું શી રીતે?

ત્રણ ચાર ભાઈઓને વિનંતી કરી જોઈ, પણ કોઈ કૂવામાં ઉતરવા તૈયાર ન થયું એટલે મેં મારી રીતે પેંડલ કાઢવા પ્રયત્ન કરવા માંડયા.

હું બિલાડી લઈ આવી. (ગામડાંઓમાં કૂવામાં પડી ગયેલ ડોલને કાઢવા માટે દસ બાર આડા અવળા હુકવાળા સાધનને બિલાડી કહે છે.) તેને થોડા બોરડીના કાંટા બાંધ્યા ને પેંડલ પડેલ તે ઠેકાણે ડૂબાડી ઘૂમેડી. પરન્તુ બધું વ્યર્થ. દોઢ બે કલાક આવી મહેનત કરી, પરન્તુ કાંઈ ન વળ્યું. હવે તો પાણી ડહોળાઇ જવાને લીધે તેમ જ કચરો ઉપર આવી જવાથી; પેંડલ કયાં પડેલ છે તે પણ દેખાતું ન હતું. એથી હું ખૂબ નિરાશ થઈ ગઈ!

આમ થાકી એટલે જ કોણ જાણે મને સાઇબાબા યાદ આવ્યા! મને એમનામાં પહેલેથી ખૂબ શ્રદ્ધા. માણસ થાકે ત્યારે જ ભગવાનને કે સંતને યાદ કરેને? એટલે મને થયું "લાવને બાબાની બાધા રાખું. મારું પેંડલ કૂવામાંથી કાઢી આપે તો સવા રૂપિયાનાં પતાસાં લાવીને ધરાવીશ." બસ, મનમાં આ સંકલ્પ કર્યો ને તુરત જ નિરાશા દૂર થઈ ગઈ. થયું, ચાલો હવે ફરી પ્રયાસ કરી જોઈએ.

એમ વિચારી, સાઇબાબાનો એક દિવાળી કાર્ડનો ફોટો મારી પાસે હતો તે સાથે લઈને હું ફરી કૂવા ઉપર બિલાડી લઈને ગઈ. બાબાને મનમાં પ્રાર્થના પણ કરી "બાબા, મારૂં પેંડલ તમે કાઢી આપો તો જ હવે નીકળે તેમ છે. હું તો થાકી છું પરન્તુ તમે મદદ કરશો એ શ્રદ્ધાથી આ પ્રયત્ન કરું છું

આમ પ્રાર્થના કરતાં કરતાં મેં પેલી બિલાડી પાણીમાં ઘૂમાવવા માંડી. ઉનાળાનો બપોરનો તડકો એટલે ન પૂછો વાત! શરીરે પસીનો પસીનો થઈ ગયો. પરન્તુ મેં પ્રયત્ન ચાલુ રાખ્યો.

ત્યાં અચાનક પવનની એક લહર જોરથી આવીને કૂવાના થાળા ઉપર રાખેલ પેલા ફોટાને હું ઊડતો પકડું તે પહેલાં તે કૂવામાં પડી ગયો! એ જોઈ મને દુઃખ થયું! પરન્તુ



બીજી જ ક્ષણે વિચાર આવ્યો કે હવે ખૂદ બાબા જ કૂવામાં કૂદી પડયા છે, એટલે મારું પેંડલ કાઢી આપશે. કાઢવા માટે તો એ પકડું પકડું ત્યાં ઉડીને પડયા!

મનમાં આમ વિચારો સાથે મેં મારી બિલાડી કૂવાના પાણીમાં ફેરવવા માંડી તે ત્રણચાર આંટા ફેરવી થાકી એટલે થયું કે લાવને જોઉં, પેંડલ કાંટામાં ભરાયું તો નથી ને?

બિલાડીને રાસ ખેંચી બહાર કાઢીને કાંટાના ઝાંખરાને ખંખેર્યા તો એમાંથી મારૂં પેલું પેંડલ ધબ લઈને પડયું!

મારા આનંદ અને આશ્ચર્યની સીમા ન રહી. મારી આંખમાં આંસુ આવી ગયાં! બાબાએ મને કેવી મદદ કરી"

એ બેનની વાત સાંભળી મને આનંદ ને આશ્ચર્ય બન્ને થયાં. થયું પણ ખરું કે સાઇબાબા જેવા સંત પુરુષો શ્રદ્ધા હોય તો અવશ્ય મદદ કરે છે.

દેખીતી રીતે જે અશકય જ લાગતી હોય તેવી ઘટના જયારે બને ત્યારે આપણને એમાં પ્રભુ કે સંત પુરુષની કૃપાનાં દર્શન થવા જોઈએ, એ વાત પણ સમજાઈ, એક રૂપિયા જેટલા વર્તુળ આકારનું કંઈ પણ છેડા કે બંધન વગરનું છૂટું પડી ગયેલું પેંડલ, નહિ તો કાંટાના ઝાંખરમાં કેવી રીતે આવે?

એ બેન જયારે ગઈ ત્યારે એની શ્રદ્ધાને તેમ જ સાઇબાબાની કૃપાને હું મનોમન વંદી રહ્યો.

❋

# પ્રકાશને પંથે

શ્રી યોગેશ્વરજી
સંક્ષેપક : દીપકભાઈ પ્ર. મહેતા

## ૮. આશ્રમજીવનની બીજી વાતો

આપણે ત્યાં જીવનકથા કે આત્મકથાનું સાહિત્ય વધતું જાય છે એ ખરેખર આનંદની વાત છે. જુદા જુદા દૃષ્ટિકોણથી તૈયાર થયેલી જીવનના જુદા જુદા પ્રવાહોને રજૂ કરનારી સત્યઘટનાત્મક કથાઓ વધારે ને વધારે પ્રમાણમાં બહાર પડે તે ઈચ્છવા યોગ્ય છે. સાધારણ રીતે આપણે ત્યાં મોટાભાગના લોકોમાં કંઈક એવો ખ્યાલ પ્રવર્તે છે કે જે મહાન હોય ને જેણે કોઈ મહાન પરાક્રમનું કામ કર્યું હોય તે જ પોતાની જીવનકથા લખી શકે. કેમ કે સાધારણ શ્રેણીના માણસના જીવનમાં બીજાને બતાવવા જેવું ને પ્રેરણા પૂરી પાડવા જેવું શું છે? પરંતુ ખરી રીતે તેવું નથી. તદ્દન સામાન્ય જેવા દેખાતા જીવનમાં પણ કેટલીકવાર એવી અસાધારણતા, એવું જાદુ ને પ્રેરણાબળ ભર્યું હોય છે જે આપણા અંતરમાં આદરભાવ જગાડે અને અલૌકિકતા જન્માવે. જે માનવને પોતાના જીવનની રજુઆત જાહેર રીતે કરવાનું ઠીક લાગતું હોય ને તેની રજુઆતની કલા જેને સિદ્ધ થઈ ચૂકી હોય તે પોતાની જીવનકથા કે આત્મકથા લખી શકે છે, તેનો પ્રયાસ આવકારદાયક ગણાશે.

જીવનકથા કે આત્મકથાનું આલેખન કોઈ દિલ બહેલાવ રમત નથી. તે તો એક કષ્ટસાધના છે. જીવનની શુદ્ધિ અને જીવનના વિકાસનું એક મોટું મદદકારક પીઠબળ છે.

આત્મકથાનું આલેખન એક કલા છે એ વાતનો ખ્યાલ રાખીને એનો આશ્રય લેનારે ખૂબ ખૂબ સાવધ ને જાગૃત રહેવાની જરૂર છે. સત્યને વફાદાર રહીને તેણે પોતાની જાતને



જેવી હોય તેવી જ ચીતરી બતાવવાની છે. અતિશયોક્તિના ઉન્માદમાંથી બચવાનું છે. સત્ય અને વાસ્તવિકતાને વફાદાર રહીને, તટસ્થતાને વળગી રહીને, પોતાની કથાને કહેવાની કલાને તે સાધી લે તે જરૂરી છે. ઉપરાંત તેમની પોતાની જાતના વિવેચક થવાની પણ આવશ્યકતા છે. આ દૃષ્ટિનો સ્વીકાર કરીને આત્મકથાના આ આલેખનમાં હું ઉત્તરોત્તર આગળ વધી રહ્યો છું.

આશ્રમજીવન દરમ્યાન વાસણ, કપડાં ને પથારીની સફાઈ સૌને હાથે જ કરવી પડતી. દરેક ઋતુમાં સવારે પાંચ વાગે ઊઠવું પડતું ને ઠંડા પાણીથી સ્નાન કરવાનું રહેતું. આ વાતનો કેટલાકને અણગમો પણ હતો. પણ વિદ્યાર્થીના ભાવિ જીવનને માટે તે નિયમો ઘણા ઉપયોગી હતા તેમાં સંદેહ નહીં. મને પોતાને એ નિયમોનું મૂલ્ય તે વખતે બરાબર સમજાયું ન હતું. પરંતુ પાછલા દિવસોમાં તે નિયમો મારે માટે ઘણા ઉપયોગી થઈ પડ્યા, ત્યારે તેનું મહત્ત્વ મને સમજાયું. આશ્રમજીવન પછી ઈશ્વરે મારે માટે હિમાલયનો એકાંતવાસ નિર્માણ કર્યો તે વખતે જો સ્વાશ્રયી જીવન અને સહનશક્તિને શીખવનારા એ નિયમોથી ટેવાયો ના હોત તો હિમાલયવાસ મારે માટે મુશ્કેલ થઈ પડ્યો હોત. એટલે બાળપણની આશ્રમજીવનની કેટલીક ટેવો મને આગળ ઉપર મદદરૂપ થઈ પડી. પાછલા દિવસોમાં મને સ્વચ્છતા તરફ જે એક પ્રકારનો પક્ષપાત રહ્યો તેથી કેટલાકને નવાઈ લાગતી. કોઈ કહેતું કે સર્વ કાંઈ છોડી દઈને જંગલમાં રહેનારાને, સાધુજીવન જીવનારાને વળી સ્વચ્છતા શી? સાધુ મહાત્મા તો બને તેટલા ગંદા જ રહે. આશ્રમમાં સ્વચ્છતાના આકરા નિયમપાલન અને સ્વચ્છતાના વાતાવરણમાં જ મારો વિકાસ થયેલો. એ સ્વચ્છતા અંદરની અને બહારની બંને પ્રકારની હતી. તે બંનેથી મને લાભ થયેલો.

સાધુજીવન ગંદકીનું ઉપાસનાઘર ને શુદ્ધિનું ઉપેક્ષાક્ષેત્ર છે એ વાતને હું સ્વીકારતો નથી. તે મારી સમજ પ્રમાણે સાચા સંતો, શિક્ષકો ને ઉપદેશકો પણ સ્વીકારતા નથી. જે અંદર અને બહારની શુદ્ધિ દ્વારા પવિત્રતાની પ્રતિમા કે શુદ્ધિના સ્વામી જેવા પરમાત્માને પ્રાપ્ત કરવાની સાધના કરે છે એ અશુદ્ધિના અસુરનો ઉપાસક કેવી રીતે હોઈ શકે? સાધુજીવન એ સાધનાને નામે આમ જનતામાં કેટલાક ભ્રાંતને પાયા વિનાના ખ્યાલો ફેલાયેલા છે. તે ભારે ખેદની વાત છે. એમનો અંત આણવાની આવશ્યકતા છે

આશ્રમમાં કસરત કરાવવા માટે રોજ સવારે શિક્ષક આવતા. પરંતુ શરૂઆતમાં મને તેમાં બિલકુલ રસ ન હતો. ચૌદેક વરસની વયે મારા વાંચવામાં શ્રી તિલક મહારાજના જીવનનો એક પ્રસંગ આવ્યો. તેમાં જણાવ્યું હતું કે તિલક મહારાજનું શરીર શરૂઆતમાં બહુ નબળું રહેતું. એકવાર તેમને તે સાલ્યું ને તેને નીરોગી ને સુદૃઢ કરવાનો તેમણે નિર્ણય કર્યો. તે જ દિવસથી તે દંડબેઠકની પાછળ આદુ ખાઈને લાગી ગયા. તેના પરિણામે તેમનો બાંધો જ બદલાઈને સુદૃઢ થઈ ગયો. આ વાચનની મારા પર સારી અસર થઈ, તે પછી થોડા દિવસમાં મારા હાથમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીનું જીવનચરિત્ર "ઝંડાધારી" આવ્યું. તેમની શરીર શક્તિનો પરિચય આપતા અનેક પ્રસંગો તેમાં હતા. તેમના મહાન શિષ્ય સ્વામી શ્રદ્ધાનંદજીનું જીવન જોવા મળ્યું એ પરથી મને લાગી આવ્યું કે શરીરની ઉપેક્ષા બરાબર નથી.

જીવનને મહાન બનાવવું હોય ને પોતાની ને બીજાની સેવા કરવી હોય તો શરીરને નિરોગી ને સુદૃઢ કરવાની જરૂર છે. ધર્માચરણ અને આત્મિક જીવનની સાધના માટે પણ શરીર સંપત્તિની અનિવાર્ય આવશ્યકતા છે. શરીર પાયો છે તેનો અનાદર કરીને આત્મિક વિકાસની ઉચ્ચોચ્ચ



ઇમારતના ચણતરની આશા કેવી રીતે રાખી શકાય? આ વિચારણાએ મારામાં કસરત માટેનો પ્રેમ પેદા કર્યો. મારું શરીર ખૂબ જ નબળું રહેતું. બાંધો એકવડિયો ને માથાનો દુખાવો કાયમ રહેતો. યોગના ગ્રંથો ને કેટલાક યોગીઓના જીવનો વાંચવાથી મને યોગી બનવાની ઈચ્છા થઈ. તે માટે પણ શારીરિક તાલીમ આવશ્યક લાગી. એટલે મેં દંડ, બેઠક, સૂર્યનમસ્કાર અને શીર્ષાસન ખૂબજ ઉત્સાહથી કરવા માંડ્યાં. તેથી મારા તન-મનને ફાયદો જ થયો. કસરતને લીધે મારો બાંધો બદલાઈ ગયો, માથાનો દુખાવો દૂર થઈ ગયો, તંદુરસ્તી ઉપરાંત બીજા ઘણા લાભો મળ્યા. આજે મારું શરીર સારું છે. મારા કાર્યમાં સહાયક છે. મને પોતાને હાથી જેવા બળની, પહેલવાનપણાની કે જે મળે તે સ્વાહા કરી જવાની શક્તિ કેળવવાની ઈચ્છા નથી, તેમાં રસ પણ નથી. પણ આરોગ્યમાં રસ અવશ્ય છે. જેથી દરેક ભાઈ-બહેનને વ્યાયામ કરવા, શરીરને સુંદર બનાવવા માટે શ્રમ કરવાની મારી વિનંતી છે. કહો કે ભલામણ છે.

## ૯ સત્યાગ્રહની ઝાંખી ને લેખનની રુચિ

આપણે ત્યાં જ્યાં જ્યાં છાત્રાલયો હોય ત્યાં ત્યાં બધે જ વ્યાયામના શિક્ષણની વ્યવસ્થા કરવાની જરૂર છે. છાત્રાલયોમાં રહેનાર બાળકો પણ વ્યાયામપ્રિય બને ને શરીરને સ્વસ્થ રાખે તે માટે કાળજી રખાવી જોઈએ.

મારે મુંબઈના આશ્રમમાં રહેવાનું થયું તે વખતે દેશમાં આઝાદી માટેની લડત ચાલતી હતી. ગાંધીજી મુંબઈ આવતા ત્યારે હજારો લોકો તેમના દર્શન માટે ભેગા થતા. તે વખતે ગાંધીજી લગભગ અઠવાડિયા સુધી રોજ સવારે અમારા આશ્રમના વિશાળ મેદાનમાં પ્રાર્થના કરવા આવ્યા. એક સવારે એ પ્રાર્થના કરવા આવતા હતા ત્યારે જ

તેમની ધરપકડ પણ થઈ. મારી અવસ્થા તે વખતે છેક નાની હતી. દેશની સ્વતંત્રતા માટે થઈ રહેલી સત્યાગ્રહ અને અસહકારની લડતને સમજાવનાર કોઈ ન હતું, કોંગ્રેસ સંસ્થા અને એના હેતુ વિશે મને સમજ ન હતી. જો આશ્રમ અથવા તો શાળાના સંચાલકોએ સહેલી ભાષામાં તેની સમજ પૂરી પાડવાનો પ્રયાસ કર્યો હોત તો તે વિશે સારી માહિતી મેળવી શકત ને સમજવા જેવી સારી વાતોને સમજી પણ શકત. પરંતુ સંચાલકો ઉદાસીન હતા. એટલે અમે એક મોટા લાભથી વંચિત રહી ગયા. અમારી સાથે બેસવાનો ને વાત કરવાનો પ્રસંગ પણ તે ભાગ્યે જ પાડતા. એટલે જીવન સુધારવાની બીજી વાતો પણ અમે જાણી ન શક્યા. આશ્રમજીવન પૂરું થયા પછી લાંબે વખતે મારા પોતાના પ્રયાસથી દેશની પરિસ્થિતિ ને સત્યાગ્રહની લડત વિશે મને થોડીઘણી માહિતી મળી શકી. બાકી તે દૃષ્ટિએ જોતાં કહેવું જોઈએ કે જીવનમાં પહેલાં વીશ વરસ તો અંધારામાં જ ગયાં.

એવી રીતે અંધારામાં રહેવા છતાં પણ મને એટલુ તો જણાયું હતું કે ગાંધીજી એક સાચા મહાન પુરુષ કે મહાત્મા છે ને દેશના ભલા માટે કામ કરે છે. અંગ્રેજી રાજ્યનો અંત લાવવાની તેમની ઝંખના છે. તે માટે તે જવું પડે તો જેલમાં જાય છે ને ઘણું ઘણું સહન કરે છે. તે પોતે પવિત્ર પુરુષ છે તે જાણીને મારા મનમાં ગાંધીજી પ્રત્યે માન ઉત્પન્ન થયું. તેમનો વિચાર કરીને મને પણ સારા, સાચા ને મહાન પુરુષ બનવાની ને બીજાને માટે કામ કરવાની ઇચ્છા થઈ.

સાહિત્યનો રસ મારામાં કેવી રીતે ઉત્પન્ન થયો તે પણ જાણવા જેવું છે. નાની ઉંમરમાં મને વાંચવાનો શોખ હતો. અમારા આશ્રમમાં જ પુસ્તકાલય હતું. તેમાં સારાં માસિકો પણ આવતાં. દર રવિવારે તેનો લાભ લેવાની છુટ હતી. મારી ઉમર લગભગ બાર તેર વરસની હતી ત્યારે એક પ્રસંગ



બન્યો. આશ્રમમાં કેટલાક મોટી વયના સાહિત્યરસિક ભાઈઓએ હસ્તલિખિત માસિક કાઢવાની શરૂઆત કરી. તેના તંત્રી ભાઈ શ્રી શંકરલાલ ચોકસી હતા. તે માસિક જોઈને મને પણ કંઈક લખવાનો વિચાર થયો. એક દિવસ હિંમત કરીને ગામઠી નિશાળના શિક્ષક વિશે એક નાનો લેખ લખી નાખ્યો. ભાઈ શંકરલાલને તે વંચાવતાં તે ઘણા પ્રસન્ન થયા, મને ઉત્સાહ આપ્યો. કોઈ લખવાની શરૂઆત કરતું હોય ત્યારે ટીકા કરવાની રીત સારી નથી. તેને લીધે કેટલીયે કુમળી કળીઓ અકાળે કરમાઈ જાય છે. તેને બદલે વિવેચકો જરા માયાળુ ને સહાનુભૂતિવાળા બને. તે યાદ રાખે કે તેમનું કામ કેવળ કૃતિના ગુણદોષ બતાવવાનું જ નહીં પણ લેખકને પ્રોત્સાહિત કરવાનું ને તેના લેખનને સુધારવાનું પણ છે. સ્તુતિ અને ટીકાના કેફથી દૂર રહીને તે પોતાનું કામ કરે એ આવશ્યક છે. લેખકને ઉત્સાહ આપવા તેણે તેના દોષની સાથે ગુણ બતાવવા ઉપરાંત ઉગતા લેખકોની પીઠ થાબડવાનું પવિત્ર કામ પણ તેણે કરવાનું છે.

નાના સરખા મારા લેખના વખાણથી મને ઉત્સાહ ચઢ્યો. પ્રશસ્તિએ મારા પર જાણે કે પ્રેરણારૂપી પાણી રેડવાનું કામ કર્યું. પછી તો મેં બીજા એક બે લેખો અને ગીતો પણ લખ્યાં. પછી તો ચૌદેક વર્ષની ઉંમરે અમે હાઈસ્કૂલમાં 'ચેતન' નામે એક સ્વતંત્ર હસ્તલિખિત દ્વૈમાસિક કાઢવાની શરૂઆત કરી. તેમાં મને તે વખતે મારા અંગ્રેજી ચોથા ધોરણમાં ભણતા ભાઈઓએ અને ખાસ કરીને મારા વિદ્યાર્થીમિત્ર ભાઈ નારાયણ જાનીએ મદદ કરી. એવી રીતે મારા સાહિત્યલેખનની શરૂઆત થઈ. આજે પણ તે ચાલુ જ છે. એક ગામઠી નિશાળના શિક્ષકના નાના સરખા લેખરૂપે શરૂ થઈને લેખનની એ કળા આજે આત્મકથાના આ અભિનવ સર્જનમાં પરિણમે છે એ પરથી એની પ્રતીતિ થશે.

# રાજાપુરની યાત્રા

શ્રી નાનુભાઈ દૂધરેજીયા

ચિત્રકૂટમાંના રામાયણ મેળાના રોકાણ દરમ્યાન તા. ૨૭-૩-૮૦ ગુરુવારે ત્રીસેક માઇલ દૂર આવેલી ગોસ્વામીજી તુલસીદાસજીની જન્મભૂમિ રાજાપુરની મુલાકાત લેવાનું સદ્ભાગ્ય ઓચિંતુ સાંપડી ગયેલ.

સવારના સાડા પાંચ પછી મોઢામાં દાતણ નાખીને ટુરીસ્ટ સેન્ટરના વિશાળ પ્રાંગણમાં ટહેલતો હતો, ત્યાં બે મુરબ્બીઓ–શાસ્ત્રી ઉદયશંકરજી અને કર્ણાટક યુનિ. ના ડૉ. સુરેશ્વરૈયાને તૈયાર થઈને મેદાનમાં પડેલી ખુરશીઓ પર બેઠેલા જોયા. પાસે 'સુપ્રભાતમ્' કહી પૃચ્છા કરતાં જાણવા મળ્યું કે તેઓ કામદગીરી જવા માગે છે. મને કહે તમારે આવવું હોય તો તૈયાર થઈને આવી જાવ, છ વાગે જીપ આવે છે.

તુરત હું અને મારા પત્ની તૈયાર થઇ, નીચે આવી, એમની બાજુમાંની ખુરશીઓ પર બેઠા.

થોડી વાર પછી અલીગઢ યુનિવર્સિટીના ડૉ. શુકલજી અને ડૉ. વર્માજી પણ તેમના પરિવાર સાથે આવ્યા અને કહે અમે રાજાપુર જઇએ છીએ, તમે પણ ચાલો. હમણાં જીપ આવવાની છે. કામદગીરી કાલે જઈશું, એવું નક્કી કરી અમે એમની સાથે જોડાયા અને રાજાપુર પહોંચ્યા.

પહેલાં ગયા તુલસી સ્મારક ભવન પર. સ્વ. વડાપ્રધાન પંડિત જવાહરલાલજીના સમયમાં આ સ્મારક ભવનનું નિર્માણ થયેલું છે.



સ્મારક ભવન ઠીક ઠીક મોટું છે. ભવનમાં પ્રવેશવાના દ્વારની સામે જ એક મંદિરાકાર ખંડમાં પૂરા કદની તુલસીદાસજીની પલોંઠી વાળીને બિરાજેલ આરસની પ્રતિમા છે. અને એ ખંડને અડીને સન્મુખ બંને બાજુ લંબાતી વિશાળ ઓશરી છે. નીચે ભોંયરું છે. જેમાં ઉપરની શ્રી તુલસીદાસજીની પ્રતિમાની બરાબર નીચે શિવલિંગની સ્થાપના કરાઈ છે. આ રચનાનો હેતુ કંઈ સમજી શકાયો નહિ!

બીજું સ્થળ છે તુલસીદાસજીનું જન્મસ્થાન. આ સ્થળ ઘણું રમણીય છે–સામે ધનુષાકારમાં વહેતી યમુનામૈયાના કારણે. નદીની ભેખડના સારા એવા ઊંચાણ પર આ સ્થળ છે. એક બાજુનો ઓરડો જેનું ઉપરનું ચણતર અત્યારનું અને અંદરનું મહદ્ અંશે તુલસીદાસજીના જન્મ વખતનું રખાયું છે, એવું ત્યાંના લોકોએ જણાવ્યું. અહીં તુલસીદાસજીની શ્યામ મૂર્તિ પધરાવેલી છે.

સામે કિનારે દેવરિયા આવેલું છે. જ્યાં રાતના વખતે, વરસતા વરસાદે, યમુના પાર કરીને તુલસીજી પોતાનાં પત્નીને મળવા ગયેલા અને પત્નીની શીખે જીવન પરિવર્તન થયેલું.

યમુનામાં અહીં પગથિયાંવાળો પાકો ઘાટ પણ બાંધેલો છે.

ત્રીજું છે હનુમાનજીનું મંદિર. એ પણ યમુનાકિનારે જ છે. તુલસીની ઉપાસ્ય મૂર્તિ અહીં સ્થાપિત કરાયેલ છે. વિશિષ્ટતા એ છે કે હનુમાનજીના હાથમાં ગદા કે એવું કશું આયુધ નથી. એમનો હાથ આશિષ આપતી મુદ્રામાં છે.

ચોથી વસ્તુ છે અહીં સચવાયેલ એક અયોધ્યાકાંડની હસ્તપ્રત, જે તુલસીદાસજીએ લખેલી મનાય છે.

સરકારે એને માટે પણ એક નાનકડા મંદિર જેવું બાંધી આપેલ છે. સામી દીવાલમાં એક તિજોરી ગોઠવી આપી છે, તિજોરીમાં એ પ્રત રખાઈ છે. બધાને બતાવાતી નથી. પણ સદ્ભાગ્યે અમને તે હોંશે હોંશે બતાવાઈ.

પોથી બહાર કાઢી, એક બાજોઠ પર મૂકી બંધન છોડયું. અંદર બીજું બંધન હતું. એક પછી એક એટલાં બધાં બંધનો આવતાં ગયાં કે જે અમારી અધીરતા અને ઉત્સુકતાને વધારતાં રહ્યાં. પચાસેક બંધન પછી એ પોથીનાં દર્શન થયાં.

પાનાંઓને પ્લેસ્ટીકના કવરોમાં પેક કરીને રખાયાં છે. થોડાં પાનાં લઈને અમે તે જોવા લાગ્યા. છેલ્લું પાનું જોવા સૌની ઇચ્છા હતી પણ પોથીનાં પાનાં પર ક્રમાંક ન હોવાથી તેમ જ પાનાં આડાઅવળાં હોવાથી તે સહેલાઈથી મળ્યું નહિ – જોઈ શકાયું નહિ.

પોથીમાંના લખાણ ઉકારાન્ત જોવા મળ્યાં. "રામુહિ કેવલ પેમુ પિયારા" "ચૌદ બરિસ રામુ બનુ જાઈ" વગેરે. અહીં અમે સારો એવો સમય પસાર કર્યો, પોથી પરત્વે થોડી ચર્ચાઓ કરી. પાનાં પર ક્રમાંક લખી નાખવા અનુરોધ પણ કર્યો.

ગામના રસ્તા – ખાસ કરીને ઉપરના ચારે સ્થળોને સાંકળતા માર્ગોને સીમેન્ટ અને પથ્થરના બનાવાયા છે. અને તે માર્ગ પરનાં બંને બાજુનાં મકાનોને બહારની બાજુથી સુઘડ, સ્વચ્છ અને સારા લીંપણવાળા રાખવાની વ્યવસ્થા કરાઈ છે. દેશ અને દેશ બહારથી ઘણા મુલાકાતીઓ અહીં આવતા રહેતા હોવાથી આ કરાયું હોય એવું લાગ્યું. બપોર આસપાસ અમે સીતાપુર (ચિત્રકૂટનો એ ભાગ જ્યાં રામાયણ મેળો યોજાયો હતો) ત્યાં પાછા આવી ગયા.



# જન્માંતર કર્મોનું ફળ

શ્રી નર્મદાશંકર એન. મહેતા

[ અહીં જે પ્રસંગ રજૂ કરવામાં આવ્યો છે તે દત્તાવતાર મનાતા શ્રી અક્કલકોટના સ્વામી સમર્થના જીવનનો છે. તેઓ એક મહા સમર્થ સિદ્ધપુરુષ આજથી ૨૦૦ વર્ષ પહેલાં થઈ ગયા. મરાઠી ભાષામાં તેઓશ્રીના જીવનચરિત્રના અદ્દભુત પ્રસંગોનું આલેખન કરતું સાહિત્ય સારા પ્રમાણમાં લખાયું છે. ગુજરાતી ભાષામાં શ્રી નર્મદાશંકર નીતમલાલ મહેતાએ 'અવધૂત લીલા' નામે પરમ પૂજ્ય શ્રી સ્વામી સમર્થના પ્રસંગોનું આલેખન કરતું નાનકડું પુસ્તક લખ્યું છે. તેમાંથી જન્માંતર કર્મોનાં ફળો માણસને કેવાં ભોગવવાં પડતાં હોય છે, અને સંત પુરુષોની કૃપાથી જ તેવાં કર્મોથી પુણ્ય કર્મો દ્વારા કેવી રીતે છૂટકારો થાય છે, તેનું આલેખન કરતો પ્રસંગ અહીં રજૂ કર્યો છે.

– તંત્રી ]

અક્કલકોટના સ્વામી શ્રી સમર્થ પાસે એક વખત એક બહુ દુઃખી માનવી આવી ચડ્યો. તેનો આખોયે દેહ કોઇ વિચિત્ર રોગથી ભેળાઇ ગયો હતો. ક્ષણે ક્ષણે તે નિસાસા નાંખતો, અને ગુમડાંમાં પરૂ થવાની પીડાથી વારે વારે ચિત્કાર પાડી ઉઠતો. તેના શરીરમાંથી ખરાબ દુર્ગંધ પ્રસરતી, તેનો દેખાવ પણ ભયાનક રીતે કદરૂપો જણાતો. તેની આંખની પાંપણોના વાળ ખરી જવાથી, આંખોનો દેખાવ ભયંકર લાગતો. તેના આખા શરીર ઉપર ધોળાં ચાઠાં પડી ગયાં હતાં અને દૂઝતા વ્રણોમાંથી પરૂ વહેતું. વળી તેના હાડકાં ગળી જઈ ટોકડું થઈ ગયાં હતાં. તેનો દેખાવ જોઈ માણસો ત્રાસી ઉઠતા અને તેનાથી દૂર ભાગતા રહેતા.

તેના આ દુઃખના નિવારણની આશાએ તેનાં સગાંઓ, એને સ્વામી સમર્થ પાસે લઇ આવ્યા. દૂરથી સ્વામીજીને પ્રણિપાત કરી તે આર્ત સ્વરે પોકારી ઊઠયો "ઓ ઈશ્વરાંશી પુરુષ! મને પરમાત્મા

ક્રુર અને અન્યાયી જણાય છે. આ જગતમાં અત્યારે અનેક પાપાચારીઓ સુખ માણી રહ્યા છે. અને હું, મારા જીવનમાં એક પણ પાપ ન હોવા છતાં, આવી ભયંકર યાતના ભોગવી રહ્યો છું. ઓ સ્વામીજી! હું કસમ ખાઈને કહું છું કે આ જન્મમાં મેં એક પણ પાપ કર્યું નથી, તે છતાં આ પરમાત્મા મને આવા દુઃખમાં પીડી રહ્યો છે. એ વિશ્વ નિયંતાનું અંધેર જ દેખાડે છે. પાપીને દુઃખ ભોગવવું પડે છે અને પવિત્ર માણસો સુખી થાય છે, એવી વાતો ઘણા ધર્મગુરુઓ કરે છે. પરન્તુ મને તો એનાથી ઊંધું જ સાચું લાગે છે. આ જગતમાં તો પાપી જનોજ સુખમાં મહાલતાં દેખાય છે, વૈભવો ભોગવે છે. જ્યારે નીતિથી ચાલનારા પવિત્ર પુરુષો તો હડધૂત બની અનેક દુઃખો ભોગવે છે. પાપ-પુણ્યનો કોઈ નિયમ આ જગતમાં હોય તેવું મને લાગતું નથી.

દુઃખી માણસની આ વાત સાંભળી, સ્વામીજી સહેજ હસ્યા. તેના આ સહૃદય નિવેદનથી સ્વામીજીની આસપાસ બેઠેલા ભાવિક માણસો પણ ગૂંચવણમાં પડી ગયા! પરંતુ સ્વામીજીએ સહુની શંકાનું નિવારણ કરતાં ગંભીર સ્વરે કહેવા માંડયું. "મનુષ્ય પોતાના જિંદગીના સુખદુઃખના કારણ પોતાની ચાલીસ-પચાસ વર્ષની એક નાનીશી જિંદગીમાં શોધે છે. પરન્તુ પરમાત્માની દૃષ્ટિમાં તો તે માણસના અનેક અવતારોની નિયમબદ્ધ ગુંથાયેલી સાંકળ તરવરે છે. ઘુવડ જેમ દિવસે જોઇ શકતો નથી, તેમ માનવી પોતાના પૂર્વ જન્મને સંભારી શકતો નથી, તેથી જ તેને જીવનમાં અવ્યવસ્થા કે અંધેરની ભ્રાંતિ થાય છે. જો તેને પૂર્વ જન્મ સાંભરે, દિવ્ય શક્તિથી પોતાનાં પૂર્વ કર્મો તાદૃશ કરી શકે તો તેને એકદમ કહેવું પડે કે આ જગતની દૃષ્ટિએ અન્યાય જણાય છે તે પૂર્વ અવતાર તપાસતાં કર્મના નિયમના અદૃશ્ય અને ન્યાયયુક્ત પરિણામરૂપ જ હોય છે. તેમાં કાંઇ ભૂલ કે અંધેર હોતું જ નથી. ઘણા અધમ જીવન ગાળનારા મનુષ્યોને ધન, સંપત્તિ અને ઐશ્વર્ય મળે છે. ઘણા નિર્દોષ પવિત્ર જીવન ગાળનારા પુરુષો જીવનસંગ્રામમાં કચરાય છે. કોઈ કોઇ



વખત અધમ કપટથી કોઇ ધનિક બની જાય છે અને કેટલાકને કોઈ પાપ જ ન કર્યું હોય છતાં ખોટા આરોપથી ફાંસીને માંચડે ચડી મરવું પડે છે. એક જન્મની દૃષ્ટિએ આ બધું અંધેર હોય તે બરાબર છે, પણ જો અનેક જન્મો તપાસવામાં આવે તો આ જિંદગીનાં અણધાર્યાં દુઃખોનું કારણ બરાબર જડી આવે છે. પૂર્વ જન્મનાં પુણ્ય ભોગવવાનો વારો આવ્યો હોય તેથી જ અધમ માનવી ધનવૈભવમાં મહાલતો હોય. પૂર્વજન્મમાં કોઈનું ખૂન કર્યું હોય તેના બદલા તરીકે આ જન્મમાં નિર્દોષ હોવા છતાં તેને ફાંસીએ લટકવું પડે. આમ યોગ સાધવાથી જો દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરી, માનવ ભૂતકાળમાં જોઈ શકે તો તેને વિશ્વમાં જે કાંઈ બને છે તે બરાબર જ છે, એમ પ્રતીતિ થાય. આ જ્ઞાન પ્રાપ્ત થયા પછી તેને જીવનમાં ખરી શાન્તિનો અનુભવ થઈ શકે. ગીતામાં કહ્યું છે કે,

**ज्ञानं लब्ध्वा परां शांति अचिरेणाधिगच्छति ।**

( જ્ઞાન પ્રાપ્ત કરીને મનુષ્ય અલ્પ સમયમાં જ જીવનની પરમ શાંતિને પ્રાપ્ત કરી લે છે. ) આ જ્ઞાન એટલે વિશ્વનિયમનું જ્ઞાન ખરું બ્રહ્મ જ્ઞાન.

'વારૂં' સ્વામીજીએ આગળ વાત કરતાં કહ્યું "હવે તમારી વાત ઉપર આવીએ. ઓ દુઃખી માનવ, પૂર્વ જન્મમાં તું એક ધનિક હતો. તને અભિમાન, પ્રપંચ વૈભવનો શોખ, માન, તૃષ્ણા વગેરે હલકા ભાવોએ અંધ બનાવ્યો હતો. એક વખત લગ્ન પ્રસંગે તારા ભવ્ય પ્રાસાદમાં એક મોટો ભોજન-સમારંભ, વાહવાહ થાય એવા ભાવથી પ્રેરાઈ યોજેલો. ત્યાં એક કૂતરી અને તેનાં ભૂખે મરતાં ત્રણ બચ્ચાં આવી ચડ્યાં. ત્રણ દિવસથી તેમને અનાજ મળેલું નહિ. તેમના દેહમાં ખાડા પડી ગયેલા. થોડા વખતમાં ભૂખના દુઃખથી તે મરવાનાં એમ ધારી, ગીધ અને સમડીઓ પણ ફાડી ખાવા ઉપર ઝઝૂમી રહ્યાં હતાં. ત્યાં તો આ કૂતરી તેનાં ત્રણ બચ્ચાં

સાથે, રસોઈના સ્થળ પાસે આવી. ભૂખના દુઃખથી તો તે બધાં વ્યાકુળ હતાં એટલે ભોજન નજીકમાં જોઈને તેઓ રસોઈના સ્થળમાં પેસી ગયાં.

“ અભડાઈ જશે, અભડાઈ જશે ”ની બૂમ સાંભળી તને તારી માનહાનિ થશે એવો ભય પેદા થયો. અને બીજા ઘણા માણસોએ કૂતરાંને બહાર કાઢી તેમને ખાવાનું આપવાનું સૂચવ્યું. પરંતુ તે બધાં સૂચનોને અવગણીને, તારી રસોઈ અભડાવી એ વિચારે ઉશ્કેરાઈને ભૂખે મરતા શ્વાન કુટુંબને તેં પથ્થરે પથ્થરે ટીપી નાંખ્યું, ત્યારે જ તને શાંતિ વળી.

આ ભોજન–સમારંભ માટે તેં હજારો રૂપિયા ખરચી નાંખ્યા હતા. એની પાછળ તારો એક માત્ર આશય અહંકાર પોષવાનો ને લોકોમાં વાહવાહ કહેવડાવવાનો જ હતો એટલે ચાર ભૂખ્યા નિર્દોષ જીવોને મારી નાખતાં તને સહેજ પણ અરેરાટી કે કંપારી ન છૂટી. સ્વામીજીએ હવે એ રોગી માનવ સામે જોઈને પૂછ્યું, “ વિશ્વમાં અંધેર છે એમ માનનાર ઓ પુરુષ ! હવે તને સમજાયું કે આ ચાર નિર્દોષ પ્રાણીઓની હત્યાના ઘોર પાપનું ફળ આ જન્મમાં આ ભયાનક રોગરૂપે તારા દેહમાં ફૂટી નીકળ્યું છે. બોલ હવે વિશ્વમાં ક્યાં અંધેર છે ? ”

આ સાંભળતાં જ પેલો પુરુષ રડી પડ્યો. આસપાસ બેઠેલા ભાવિક જનો પણ સ્વામીજીએ કહેલી પૂર્વજન્મના દુષ્કૃત્યની આ કથા સાંભળી આશ્ચર્ય પામી ગયા !

એક ભાવિક કરુણાર્દ્ર ભક્તથી ન રહેવાયું. એ બોલી ઊઠ્યો, “ ઓ સ્વામીજી ! હવે એ પુરુષ આપના શરણે આવ્યો જ છે તો આપ આ પાપમાંથી એને બચાવો અને એના પાપના પ્રાયશ્ચિતનો કોઈ માર્ગ બતાવો. ”



સ્વામીજી તો દયાળુ હતા જ. એમને પણ આ માણસનો ભયંકર રોગ જોઈ અનુકંપા થતી હતી એથી એમણે કહ્યું, “ ભાઈઓ, કર્મો બાળવાના ઘણા માર્ગો છે પણ આ માણસની શક્તિ ઓછી છે એટલે એ તપશ્ચર્યાથી કર્મો બાળી શકે તેમ નથી. એને માટે એક માત્ર માર્ગ દરરોજ કૂતરાંઓને ખોરાક ખવડાવવાનો અને પાણી પાવાનો છે. શ્વાન જેવાં પ્રાણીઓ ઉપર પણ દયાની લાગણી વહેવરાવવાની ટેવ પાડવી. ગાયો, દરિદ્ર અને ભૂખે મરતાં જીવોની નમ્રતાથી સેવા કરવી. “ પુણ્યે પાપ ઠેલાય ” એ કહેવત પ્રમાણે. જો આટલું કરીશ તો પરમાત્માની કૃપાથી તારાં પાપ બળી જશે. ”

એ સાંભળતાં એક ભક્ત બોલી ઊઠ્યો,

**“ સંત કૃપા છે કર્મદળ દાહક ... ”**

આમ સ્વામીજીની કૃપાથી આ રોગી માનવને એનાં ગત જન્મોના પાપોના નિવારણનો માર્ગ જડી ગયો.

એ પછી થોડા દિવસો સુધી આ પુણ્ય કર્મો કરવાના પરિણામે તેનો દેહ રોગમુક્ત થવા માંડ્યો અને કેટલાક સમય પછી તે સંપૂર્ણ સારો થઈ ગયો. પહેલાંના કોઈ રોગનું ચિહ્ન સુદ્ધાં તેના શરીર ઉપર ન રહ્યું. આમ એક રોગી માણસનો ઉદ્ધાર સ્વામીજીની કરુણાએ કરીને થયો.

આ પ્રસંગને યાદ કરીને, સ્વામીજી ભક્તોને કહેતા કે ઘણી વાર આ જન્મનાં દુઃખો પૂર્વ જન્મનાં કર્મો સાથે અગમ્ય રીતે સંકળાયેલાં હોય છે. આપણે એ વિષે જાણતા નથી, એટલે ભાગ્ય અગર પ્રભુને દોષ દેતા હોઈએ છીએ.

“ માનવ જીવનમાં દુઃખ તો છે જ, અને તે દુઃખ કેટલીક વાર પૂર્વજન્મના કર્મના ફળરૂપ પણ હોય છે, આથી પૂર્વ જન્મનાં ખરાબ

કર્મોને બાળી નાખવાની અગર તો તેમાંથી મુક્તિ કે હળવાશ મેળવ-વાની રીતિ ઘણા ધર્મોમાં બતાવવામાં આવી છે. આ રીતિઓમાં— પરોપકાર બુદ્ધિથી કે ઈશ્વર સમર્પણ બુદ્ધિથી કરેલાં કર્મો, ઉપાસના, સંતસેવા, તપશ્ચર્યા, પરમાત્માની શરણાગતિ, કે બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિનો સમાવેશ થાય છે. એનાથી પૂર્વજન્મનાં કર્મો બાળી નાખી, આ જન્મમાં સુખ પ્રાપ્ત કરી શકાય છે.

❋

The New Vinod
Silk Mills Private Ltd.
Kasturchand Mills Estate, Dadar, Bombay
*Most trusted name for processing of polyester, Acrylie Polyester / Viscose Suitings & Shirtings & Top Dyed Suitings & all Varieties of Synthetic Fabrics*

# ગુરુબિન કૌન બતાવે વાટ ?

ગુરુની જરૂર જીવનમાં ઘણી ભારે છે. આધ્યાત્મિક સાધનાના માર્ગમાં તો ગુરુની મદદ ઘણી જરૂરી છે. શ્રી કબીર સાહેબ કહે છે કે—'ગુરુબિન કૌન બતાવે વાટ ? તે સાચું જ છે. ગુરુ વિના સાચો માર્ગ કોણ બતાવે ? જીવનની કઠિન કે કપરી કેડીને પાર કરવાનો ઉપાય બીજું કોણ બતાવે ? જીવનમાં એવા કેટલાય પ્રસંગ આવે છે. જ્યારે માણસ મુંઝાય છે, નિરાશા અનુભવે છે, ચિંતા ને વેદનામાં સપડાય છે, ને પ્રલોભનોનો ભોગ બનીને સાચો માર્ગ ભૂલી જાય છે. તેવે વખતે ગુરુ વિના તેને આશા, પ્રેરણા ને પ્રકાશ કોણ આપે ? ગુરુ તેને માટે પ્રાણ, સખા, સ્વજન ને પરમસ્નેહી થઈ પડે છે. જીવનની વિકટ યાત્રામાં તે તેના ભોમિયાની ગરજ સારે છે. માટે તો તેમના આટલા બધાં ગુણગાન ગાવામાં આવ્યા છે. આત્મા ને પરમાત્માનું મિલન કરાવનાર અથવા જીવ ને શિવની એકતા સાધી' આપવામાં મદદ કરનાર એ સદ્ગુરુને ઈશ્વરના આસન પર બેસાડવામાં આવ્યાં છે. —પૂર્વનાં પુણ્યોના ઉદય વિના એવા સદ્ગુરુની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે.

બાલમુકુંદ શ્રોફ

(પૂ. શ્રી યોગેશ્વરજી મહારાજના પુસ્તક—'ગીતાદર્શન'માંથી સાભાર)

'ADHYATMA' Regd. No. G.BV.113

# અભાગી દેશ

એ દેશ અભાગી છે.

જે ધર્મ, નીતિ તથા ઈશ્વર પરની શ્રદ્ધા ખોઈ બેઠો છે.

અથવા તો એ શ્રદ્ધાનું પ્રદર્શન કરવા છતાં,

એના આચરણ પરથી હાથ ધોઈ બેઠો છે.

જેના રાજપુરુષો, નેતાઓ, વિચારકો રોજી કે રોટીને જ મહત્ત્વની માને છે. અને ભૌતિક સુખસંપત્તિને જ સર્વ કાંઈ સમજી બેસે છે.

પરંતુ સુવિચાર, સંસ્કાર તથા સત્કર્મથી સુવાસિત માનવતાની મહાવાટિકાને મહેંકતી કરવાની કોશિષ નથી કરતા.

જ્યાં વ્યક્તિ પોતાનો જ વિચાર કરી જીવે છે અને આગળ વધે છે, બીજાનો વિચાર નથી કરતી; અને પોતાને માટે બીજાને નુકસાન કરતાં કે નષ્ટ કરતાં પાછું વાળીને નથી જોતી.

જ્યાં સત્તા કેવળ બળથી જ ટકે છે; શિલથી નહિ.

ધન કેવળ અધર્મ અથવા અન્યાયથી જ એકઠું થાય છે, ન્યાય ને નીતિથી નહિ.

સમૃદ્ધિ, સેવક કે સહકારનું સાધન નથી થતી. સ્વાર્થની સહચરી બની રહે છે.

વિદ્યા વેપાર થાય છે : વિકાસનું સાધન નહિ.

સૌંદર્ય વિલાસ માટે વપરાય છે, એની પાછળની પરમ શક્તિની શોધ માટે નહિ.

યૌવન જ્યાં મોહાંધ કે ભ્રાંત બનીને ભમ્યા કરે છે, સ્થિર સ્વસ્થ બનીને વિકાસને માટે સાધન નથી થતું. જીવન જ્યાં પોતાનું મૂલ્ય ને મહત્ત્વ ખોઈ બેસે છે અને આદર્શ વિનાનું બની રહે છે.

જેની પ્રજા પરની પ્રશસ્તિ કરે છે, અન્યને અનુસરે છે. પરન્તુ જેને પોતાનું જ ગૌરવ નથી થતું, પોતાનું જ સારું અથવા અનુકરણીય નથી લાગતું.

એ દેશની હું દયા ખાઉં છું.

શ્રી યોગેશ્વરજી

ટાઈટલ : સરસ્વતી પ્રેસ મુદ્રિત